## ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# શ્રી સારસ્વત

Published on 28th Every Two Month

**મુખપત્ર**

54 મું

## શૈક્ષણિક અને વહીવટી અધિવેશન




વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/-

છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૨૧ અંક : ૯/૧૦ સળંગ અંક : ૨૧૫/૨૧૬ ડિસેમ્બર - ૨૦૨૫ / જાન્યુઆરી - ૨૦૨૬

: અધ્યક્ષ :
**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર

: પ્રમુખ :
**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ

# ૫૪મું શૈક્ષણિક અધિવેશનની તસ્વીરી ઝલક...


















# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

**કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,**

**હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર**

**www.shreesaraswat.com**

**વર્ષ : ૨૧ અંક-૯/૧૦ સળંગ અંક : ૨૧૫/૨૧૬ ડિસેમ્બર-૨૦૨૫/જાન્યુઆરી-૨૦૨૬ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦**



-: અધ્યક્ષ :-

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**

મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,
જિ. મહીસાગર-૩૮૯૨૬૦
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર
જિ. મહીસાગર
(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬
E-mail : jppatelbjp@gmail.com

-: પ્રમુખ :-

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી
હોમ્સની બાજુમાં, ગાયત્રી
મંદિર રોડ, મહાવીરનગર,
હિંમતનગર, જિ. સાબરકાંઠા
(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪

-: મુખ્ય સંપાદક :-

**શ્રી અમિત પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર
સેકન્ડરી સ્કૂલ
સુખરામનગર,
ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧.
(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨

-: ઉપાધ્યક્ષ :-

**શ્રી હરદેવસિંહ પી. જાડેજા**

ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,
મુ. ધ્રોલ, તા. ધ્રોલ,
જિ. જામનગર
(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩

-: કલ્યાણનિધિ કન્વીનર :-

**શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા**

શ્રી સાવડી હાઈસ્કૂલ,
સાવડી, તા. ટંકારા,
જિ. મોરબી.
(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬

-: અન્વેષક :-

**શ્રી પંકજકુમાર સી. પરમાર**

એન.એમ. વાડિયા (તાતા વાડિયા)
હાઈસ્કૂલ, નાગરોલ. તા. ઉમરગામ,
જિ. વલસાડ-396135.
(મો.) 9825697398

**મહામંત્રી**

| -: ઉત્તર ઝોન :- | -: મધ્ય ઝોન :- | -: દક્ષિણ ઝોન :- | -: સૌરાષ્ટ્ર ઝોન :- |
|---|---|---|---|
| **શ્રી ભરતભાઈ એમ. ચૌધરી** | **શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ** | **શ્રી મિતેષકુમાર એસ. પટેલ** | **શ્રી સુનીલકુમાર સી. બરોચિયા** |
| શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ. હાઈસ્કૂલ માણકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર | આર. કે. વિદ્યાલય, પેટલાદ. જિ. આણંદ | શ્રી ડી. કે. પટેલ સાર્વ. હાઈસ્કૂલ, થુવાવી, તા. ડભોઈ, જિ. વડોદરા. | આર.એલ. અમૃતિયા હાઈ., ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-નગર, ગુંદાળા રોડ, ગોંડલ. |
| (મો.) ૯૯૨૪૩૩૫૨૧૦ | (મો.) ૭૬૯૮૪૩૫૨૩૫ | (મો.) ૯૪૨૮૧૧૬૬૮૯ | (મો.) ૯૮૭૯૫૩૩૦૬૯ |

-: પ્રમુખના મંત્રી :-

**શ્રી પંકજકુમાર આર. પટેલ**

સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, મુ. પો. તા. લુણાવાડા,
જિ. મહીસાગર. (મો.) 9428446720

-: સારસ્વત સહ સંપાદક :-

**શ્રી દિપકકુમાર પી. પટેલ**

લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હા.સે. સ્કૂલ, નવા વાડજ,
અમદાવાદ-380013. (મો.) 9427311939

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,

હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર

www.shreesaraswat.com

વર્ષ : ૨૧ અંક-૯/૧૦ સળંગ અંક : ૨૧૫/૨૧૬ ડિસેમ્બર-૨૦૨૫/જાન્યુઆરી-૨૦૨૬ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦


## અનુક્રમણિકા


1. અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર ....05
2. મહામંત્રીશ્રીનો પત્ર .... 07
3. સંપાદકીય.... 09
4. અનુભવજન્ય શિક્ષણ....- ડૉ. નીરવ એન. ઠક્કર....11
5. ગુરુકુળ શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન : સ્વાંત્ર્યોત્તર ભારતમાં શિક્ષણનીતિ
   - સંપૂર્ણ જીવન, વડોદરા .... 24
6. આચાર્ય સજ્જતા....- મહેશભાઈ શર્મા .... 27
7. पढ़ाई का विज्ञान-११ ....- પ્રાંજલભાઈ જોષી .... 29
8. વિશેષ વાલીસભા ....- દિનેશ માંકડ.... 31
9. શિક્ષણનો સૂર્યોદય હવે ક્યાંથી થશે ?....- જી. એસ. દેધરોટીયા....33
10. પરીક્ષા એક અવસર....- સહદેવસિંહ એસ. સોનગરા....37
11. વિચારોનું રેગ્યુલેટર મેડિટેશન....- વિજય દાણી .... 40
12. ગીતા - સફળ જીવનનો માર્ગ....- આચાર્યાશ્રી લીલાબેન એલ. ચૌધરી .... 44
13. B.Ed. તાલીમ - સિદ્ધાંતનિષ્ઠાનો પદાર્થપાઠ
    - પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી.... 47


**નોંધ :** શ્રી સારસ્વતમાં પ્રસિદ્ધ થતા જે-તે લેખ / માહિતીમાં લેખકોના પોતાના મંતવ્યો છે. તેની સાથે મહામંડળ તથા સંપાદક કે સહસંપાદક સંમત છે, તેમ માનવું નહિ.



# અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર



**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

સારસ્વત મિત્રો,

આપ સૌ કુશળ હશો.

**या देवी सर्वभूतेषु विद्यारूपेण संस्थिता**
**नमःस्तस्यै नमःस्तस्यै नमःस्तस्यै नमो नमः ॥**

જગત જનની મા અંબાના ખોળે આપણું 54મું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન તાજેતરમાં ઉત્તર ગુજરાતની અરવલ્લીની ગિરિમાળાની મધ્યે વિશ્વપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી મુકામે વર્ષના પ્રારંભમાં જ એટલે કે તા. 1, 2 અને 3 જાન્યુઆરી, 2026ના રોજ સંપન્ન થયું. મિત્રો, આ અધિવેશનથી આપણે સૌએ સમગ્ર ગુજરાત રાજ્યને સંગઠન શક્તિનો પરિચય કરાવ્યો. આપણા આ અધિવેશનમાં પ્રથમ દિવસે પ્રારંભિક સત્રમાં NEP 2020ના અનુસંધાને રાજ્ય પરીક્ષા બોર્ડના સચિવ શ્રી સમીરભાઈ પટેલ સાહેબે ખૂબ જ મહત્ત્વની તેમજ ઉદાહરણ સહિત માહિતી રજૂ કરી. હવે આ શિક્ષણની નવી તરાહથી આપણી શાળાઓ, શિક્ષકો તેમજ વહાલા વિદ્યાર્થીઓને અવગત કરવા પડશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ મા. આર. આર. વ્યાસ સાહેબે પણ ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન આપ્યું. બીજા દિવસે પ્રેરણા-સત્રમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી માનનીયશ્રી પ્રદ્યુમન વાજા સાહેબ તેમજ આપણા આચાર્ય કુળના રાજ્યકક્ષાના નાણામંત્રી માનનીય કમલેશભાઈ પટેલ સાહેબ, એવા જ ધારાસભ્યશ્રી હર્ષદભાઈ પટેલ સાહેબ, ધવલસિંહ ઝાલા સાહેબ તેમજ અન્ય મહાનુભાવો એ દીપ પ્રાગટ્ય કરી ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું. વર્ષો સુધી સંગઠનનું કામ કરી આપણા મોટા ભાગના પ્રશ્નોને કુશળતાપૂર્વક ઉકેલી આચાર્ય સંઘને એક આગવી ગરિમાએ લઈ જનાર અધ્યક્ષ જે. પી. પટેલ સાહેબ વયનિવૃત્ત થવાના કારણે સંઘ દ્વારા તેઓશ્રીનું વિશિષ્ટ સન્માન મહાનુભાવોને હાજરીમાં કરવામાં આવ્યું. સાથે સાથે રાજ્ય આચાર્ય સંઘના નિવૃત્ત હોદ્દેદારશ્રીઓ તેમજ સારસ્વતોના તેજસ્વી સંતાનોને પારિતોષિક આપવામાં આપવામાં આવ્યા. રાત્રિ દરમિયાન સંગીતસંધ્યામાં પણ સમગ્ર રાજ્યના આચાર્યશ્રીઓએ ભાગ લીધો. ત્રીજા અને અંતિમ દિવસે મનુભાઈ પંચોલી સાહેબે શિક્ષણને લગતું ભાથું આપણને સૌને આપ્યું.

ત્યારબાદ ઉપસ્થિત સૌ સારસ્વતોની માંગ મુજબ આપણને સ્પર્શતા પ્રશ્નો અને માગણીઓ સંદર્ભે ઠરાવો કરી અધિવેશનને ખુલ્લું જાહેર કરવામાં આવ્યું.

**"સહકાર એ જ સાચી સફળતા."**

સારસ્વત મિત્રો, આ વખતનું આપણું આ અધિવેશન ઐતિહાસિક બન્યું છે તેનું મુખ્ય કારણ આપણા રાજ્યના હોદ્દેદારો તેમજ ઘટક સંઘના પ્રમુખશ્રી, મંત્રીશ્રીઓનો સહકાર ક્યારેય ભૂલી શકાય તેમ નથી. મિત્રો ,આ અધિવેશનને સફળ બનાવવા માટે આપણા મુખ્ય સ્પોન્સર નવનીત એજ્યુકેશન લિમિટેડના રાજુભાઈ ગાલા, ભાવિક પ્રકાશનના દીપકભાઈ પટેલ, લિબર્ટી પ્રકાશનના અંકિતભાઈ, આઇડીયલના તેજસભાઈ તેમજ સહયોગ કરનાર તમામ યુનિવર્સિટી તેમજ સ્ટોલ રાખનાર સૌ વિક્રેતાઓના લીધે આપણે આ અધિવેશનને સફળ બનાવી શક્યા છીએ. ખાસ કરીને અધિવેશનને સફળ બનાવવા માટે દેવડાજી અને બનાસકાંઠાની ટીમ, સોવેનિયર માટે અમદાવાદના મિત્રો તેમજ સાબરકાંઠા જિલ્લા આચાર્ય સંઘના સૌ સારસ્વત મિત્રોને કારણે આપણે નિવાસ અને કાર્યાલય જેવી સગવડો આપ સૌને આપી શક્યા છીએ ત્યારે આ તબક્કે તેમનો પણ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. સૌને સ્વાદિષ્ટ ભોજન આપવામાં પણ રાજકોટ જિલ્લાના મિત્રોના સહકારના કારણે આટલો મોટો કાર્યક્રમ આપણે સફળ બનાવી શક્યા છીએ. "નમો કે નામ રક્તદાન"માં સેવા સમર્પિત કરનાર જિલ્લા સંઘના પ્રમુખશ્રી/મહામંત્રીનું બહુમાન કરનાર મદદગાર સંસ્થાના પ્રકાશભાઈ ગુર્જર અને ધીરેનભાઈનો પણ આભાર માનીએ છીએ.

મિત્રો, હાલમાં આપણો મુખ્ય સેવા સળંગનો પ્રશ્ન પણ ઉકલી ગયો છે ત્યારે રાજ્ય સરકારનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. સંગઠનમાં જે શક્તિ છે એ બીજે ક્યાંય નથી. ત્યારે આવનારા સમયમાં પણ આવી જ રીતે સહકાર આપતા રહેશો તેવી અભ્યર્થના. ખૂબ જ નજીકના સમયમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ પણ આવી રહી છે ત્યારે પુનઃ આપણે આપણી શાળાઓને એક નવા જોમ અને ઉત્સાહથી સૌ કાર્ય કરીએ તેવી અપેક્ષા સહ.

અંતમાં, "એક જ્યોતથી શું અંધકાર હટશે? જ્યારે હજારો જ્યોત મળશે, ત્યારે જ મશાલ બનશે. એકતામાં એ શક્તિ છે જે પથ્થરને પણ ઓગાળી દે, જો હસ્તરેખાઓ ભેગી મળે, ત્યારે જ મજબૂત મુઠ્ઠી બનશે."

**''સંઘે શક્તિ કલૌ યુગ''**

**ભારત માતા કી જય...** **જય જય ગરવી ગુજરાત...**

આપના,

**જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

## મહામંત્રીશ્રીનો પત્ર



**ભરત ચૌધરી**
મહામંત્રીશ્રી

આત્મીય સારસ્વત મિત્રો,

કુશળ હશો કુશળતા ચાહતા કુશળ છીએ.

મિત્રો, 2026ના નૂતન વર્ષની સૌને અનંત શુભકામનાઓ..... નવા વર્ષના પ્રથમ ત્રણ દિવસ દરમિયાન જગતજનની મા જગદંબાના ખોળે અંબાજી મુકામે આપણું ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનું 54મું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન આપ સૌના સુંદર સહયોગ થકી ભવ્યાતિભવ્ય દિવ્યાતિદિવ્ય સંપન્ન થયું. યોગાનુયોગ મા જગદંબાનો પ્રાકટ્યોતસવ પોષી પૂનમના પવિત્ર દિવસે આપણા અધિવેશનનું સમાપન થયું. આપણા સંગઠન પર અને આપ સૌ મિત્રો તથા પરિવારજનો પર મા ભગવતીની કૃપા અને આશીર્વાદ સદાય રહે તેવી માના ચરણોમાં નતમસ્તક પ્રાર્થના....

મિત્રો, આ અધિવેશનમાં આપ સૌના અદમ્ય ઉત્સાહ અને સંગઠનને બળવત્તર બનાવવાની નેમના કારણે રેકોર્ડ બ્રેક ડેલિગેશન 3245 જેટલું નોંધાયું. જાહેરાતમાં પણ મોટાભાગના હોદ્દેદારશ્રીઓનો અને ઘટક સંઘોનો સુંદર સહયોગ સાંપડ્યો. આપણા આમંત્રણને માન આપીને બીજી જાન્યુઆરીએ પ્રેરણા સત્રમાં આપણા પરિવારના મોભી અને ગુજરાત સરકારના માન. કેબિનેટમંત્રીશ્રી, શિક્ષણ ડૉ. પ્રદ્યુમન વાજા સાહેબે ઉપસ્થિત રહી આપણને પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડ્યું સાથે સાથે આપણા જ કુળના અને રાજ્ય સરકારના માન. રાજ્ય કક્ષાના નાણામંત્રી શ્રી કમલેશભાઈ પટેલ સાહેબે પણ ઉપસ્થિત રહી આપણને પ્રોત્સાહિત કર્યા. આ ઉપરાંત આપણા જ આચાર્ય કુળનું ગૌરવ એવા બંને માનનીય ધારાસભ્યશ્રીઓ ડૉ. હર્ષદભાઈ પટેલ તથા શ્રી ધવલસિંહ ઝાલાએ પણ હાજર રહી શોભામાં અભિવૃદ્ધિ કરી. આ ઉપરાંત આપણા રાજ્યના વિવિધ કર્મચારી સંગઠનનોના માન. હોદ્દેદારશ્રીઓ પણ ઉપસ્થિત રહી આપણા સંગઠનની શક્તિને વધુ મજબૂત બનાવી. મિત્રો, પહેલી જાન્યુઆરીની આપણી વહીવટી બેઠકમાં ગુ.મા.ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગરના માન. સચિવ શ્રી આર. આર. વ્યાસ સાહેબે આપણને

વહીવટી માર્ગદર્શન પૂરું પાડ્યું તથા રાજ્ય પરીક્ષા બોર્ડના માન. સચિવશ્રી સમીરભાઈ પટેલ સાહેબે NEP 2020 વિષય પર મનનીય ચિંતન કરાવ્યું. સૌનો રાજ્ય આચાર્ય સંઘ વતી હૃદયપૂર્વક આભાર સાથે ઋણ-સ્વીકાર....

મિત્રો, આ અંક આપ સૌ સુધી પહોંચે તે પહેલા આશા રાખું છું કે આચાર્યનો અને જુના શિક્ષકોનો સેવા જોડાણનો મુદ્દો પૂરો થઈ ગયો હશે અને તા. 1/4/2005 પહેલા નિમાયેલા કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મળતો થઈ ગયો હશે. મિત્રો, પ્રશ્નો તો ઘણા બધા છે પણ આગામી સમયમાં 2005 પછી નિમાયેલા તમામ કર્મચારીઓને પણ જૂની પેન્શન યોજનાનો લાભ મળે તે માટે આપણે સૌએ કમર કસવી રહી. આ ઉપરાંત આપણી શાળાઓમાં ક્લાર્ક, પટાવાળા, ગ્રંથપાલ અને શિક્ષકોની ખાલી તમામ જગ્યાઓ ભરાય તે માટે સતત જાગૃત રહી મથામણ કરતા રહીશું. મિત્રો, આગામી ફેબ્રુઆરી માસના અંતમાં ધોરણ 10 અને 12 ની બોર્ડની જાહેર પરીક્ષાઓ યોજાવાની છે ત્યારે શિક્ષકોની ઘટ વચ્ચે પણ આપ સૌએ પૂરી નિષ્ઠાથી વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અથાગ પુરુષાર્થ કર્યો છે, કારણ કે સમાજમાં શાળાનું માપદંડ એ બોર્ડના પરિણામો હોય છે, જે આપણે સૌ જાણીએ છીએ. આપ સૌ જ્યોતિર્ધર મિત્રોને જ્ઞાનરૂપી આ સેવાયજ્ઞને પ્રજ્વલિત રાખવા અંતઃકરણથી શુભકામનાઓ સાથે પુનઃ સૌનો આભાર....આભાર..... આભાર.....

**વંદે માતરમ.. જય જય ગરવી ગુજરાત..**

આપનો,

**શ્રી ભરત ચૌધરી**

મહામંત્રી,

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



**શ્રી અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી

# સંપાદકીય લેખ



**શ્રી દીપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદકશ્રી

સારસ્વત મિત્રો ,

નમસ્કાર...

**नववर्ष नवचैतन्यं ददातु ।** {નૂતન વર્ષે આપ સહુને નવા ઉમંગ અને ઉત્સાહ પ્રાપ્ત થાઓ.}

નવું વર્ષ સહુને માટે ઉલ્લાસ અને ઉત્સાહમય નીવડે તેવી મનોકામના. શાળાના નવા આયામો સ્થપાય અને આપણા વડે મા શારદાના ચરણોમાં સુવાસિત ફૂલો અર્પણ થાય તેવી પ્રાર્થના કરીએ.

યોગાનુયોગ વર્ષ 2026નો પ્રારંભ ખૂબ સરસ થયો. શક્તિપીઠ મા જગદંબાના સાનિધ્યમાં યોજાયેલ આપણું રાજ્ય કક્ષાનું 54મું ત્રિદિવસીય શૈક્ષણિક અને વહીવટી અધિવેશન યોજાયું. આ વર્ષ આપને શક્તિ આપનારું પ્રેરક બળ બની રહેશે જ. વિશેષ વાત એ પણ છે કે કેબીનેટ શિક્ષણમંત્રીશ્રી માનનીય પ્રદ્યુમ્ન વાઝા સાહેબ, ખૂબ વ્યસ્ત હોવા છતાં આપણી વચ્ચે ઉપસ્થિત રહ્યા અને માર્ગદર્શન પણ આપ્યું. ઉપરાંત આપણા જ એવા રાજ્યકક્ષાના નાણામંત્રી માનનીયશ્રી કમલેશભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલ અને શ્રી ધવલભાઈ ઝાલાએ પણ ઉપસ્થિત રહીને આપણી અને આપણા મજબૂત સંગઠનની પીઠ થાબડી.

ખાસ તો રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષ માનનીય શ્રી સમીરભાઈ પટેલ સાહેબનું નવી શિક્ષણનીતિ 2020 પરનું મનનીય વક્તવ્ય, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ બોર્ડના સચિવ માનનીય આર. આર. વ્યાસ સાહેબનું અતિઉપયોગી અને આવશ્યક માર્ગદર્શન આપણા માટે દિશાદર્શક બન્યા. આ વખતના અધિવેશનમાં એક વિશેષ વાત એ હતી કે ગુજરાત રાજય આચાર્ય સંઘમાં અધ્યક્ષ પદ પર રહીને શૈક્ષણિક અને વહીવટી રીતે અનેરો જ રાહ બતાવનાર શ્રી જે. પી. પટેલ સાહેબ પણ વયનિવૃત્ત થતા હોઈ તેમનું વિશિષ્ટ સન્માન કરાયું. ઉપરાંત અન્ય પોતાની અમૂલ્ય દીર્ઘકાલીન સેવા આપીને નિવૃત્ત થતા અન્ય

આચાર્ય મિત્રોનું સન્માન પણ કરાયું. તેજસ્વી સંતાનોનું સન્માન પણ ગૌરવ અપાવી ગયું. 'નમો કે નામ રક્તદાન'માં શ્રેષ્ઠ વિક્રમ નોંધાવનાર જિલ્લા ઘટક સંઘના અધ્યક્ષ/પ્રમુખના પણ સન્માન થયા.

એકતા, ફરજ, નિષ્ઠા અને સાથે સાથે જાગૃતિના વચન સાથે બંધાયેલા આચાર્ય સંઘ દ્વારા કેટલાક જરૂરી ઠરાવો પણ કરાયા. રાત્રી બેઠકમાં ગુલાબી ઠંડી અને સુમધુર સંગીતની સુરાવલીમાં આચાર્ય મિત્રો પણ જોડાયા એ અનેરું સ્મરણ રહ્યું. અનુબંધ (સોવિનિયર), મોબાઈલ એપનું લોન્ચિંગ તથા આવાસ સુવિધા, ભોજન વ્યવસ્થા જેવી ઉત્તમ સેવા આપનાર ઘટક સંઘો થકી જ અધિવેશન સફળ રહ્યું છે એની જરૂર નોંધ લેવી પડે.

આ વખતના અવિસ્મરણીય અધિવેશન એટલા માટે વિશેષ યાદ રહેશે કે રાજ્યના હોદ્દેદારો અને ઘટ કસંઘના પણ પદાધિકારોનો અભૂતપૂર્વ સહકાર મળ્યો જ. અને છેવટે ''**ગચ્છતાં પુનરાગમનાય**'' - "છુટા પડીએ છીએ પણ ફરી પાછા મળીશું" સંકલ્પ સાથે.

મિત્રો, અધિવેશન ભલે વર્ષમાં એક વાર થાય, શ્રી સારસ્વત આખું વર્ષ આપની સાથે જ રહે છે. આપના પ્રશ્નો, ઉપયોગી અને જરૂરી માહિતી, પરિપત્રોની સાથે અભ્યાસપૂર્ણ લેખો સાથે આપણે સહુ વર્ષ આખું એક તાંતણે જોડાયેલા રહીએ એથી વિશેષ આનંદ કયો હોઈ શકે?

સહુને શુભકામના.....

**આપના,**

**દિપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહ સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૪૨૭૩૧૧૯૩૯

**અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૯૭૪૫૨૫૩૩૨

# અનુભવજન્ય શિક્ષણ

**- ડૉ. નીરવ એન. ઠક્કર**
આચાર્ય, એઈએસ-એજી હાયર સેકન્ડરી સ્કૂલ
(મો.) ૯૮૯૮૬૭૯૪૯૪

**પ્રસ્તાવના :**

શિક્ષણ એ એક સતત ગતિવંત પ્રક્રિયા છે જે જીવનભર ચાલુ રહે છે. આપણે બધા - વિદ્યાર્થીઓ, શિક્ષકો, માતા-પિતા અને સમાજના સભ્યો - નિરંતર અનુભવો દ્વારા શીખતા રહીએ છીએ. પરંતુ શિક્ષણ માત્ર બીજાના અનુભવો વાંચવા કે સાંભળવા સુધી જ જો મર્યાદિત રહે, તો શું તે અસરકારક બની શકે? સાચું શિક્ષણ તો એ છે જે આપણને જીવંત અનુભવો આપે, જે આપણી જિજ્ઞાસા જગાડે અને જે આપણને વાસ્તવિક જીવનના પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરે.

અનુભવજન્ય શિક્ષણ આ જ તત્વદર્શનને આધાર બનાવીને વિકસિત થયેલી એક શૈક્ષણિક પદ્ધતિ છે, જે "ક્રિયાત્મક શિક્ષણ"ના સિદ્ધાંત પર આધારિત છે. આ લેખમાં આપણે અનુભવજન્ય શિક્ષણનાં વિવિધ પરિમાણો, તેના સૈદ્ધાંતિક આધારો, વ્યાવહારિક લાભો અને ભારતીય શૈક્ષણિક સંદર્ભમાં તેના અમલીકરણ વિશે વિગતવાર વાત કરીશું:

For the things we have to learn before we can do them, we learn by doing them.

**- Aristotle**

“જે કાર્ય કરવાનું આપણે શીખવું હોય, તે આપણે કરીને જ શીખી શકીએ.” **- એરિસ્ટોટલ**

## અનુભવજન્ય શિક્ષણનો અર્થ અને સ્વરૂપ :

અનુભવજન્ય શિક્ષણ એ એવી શૈક્ષણિક પદ્ધતિ છે જેમાં વિદ્યાર્થીઓ સક્રિય રીતે અનુભવો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે છે. સી. બિયર્ડ અને જે. વિલ્સનના શબ્દોમાં કહીએ તો “Learning is the process whereby knowledge is created through the transformation of experience.”

“અધ્યયન એ એવી પ્રક્રિયા છે કે જેમાં અનુભવના રૂપાંતરણ દ્વારા જ્ઞાનનું સર્જન થાય છે” આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ તેમના વિચારો, લાગણીઓ અને શારીરિક ક્રિયાઓ દ્વારા સંપૂર્ણ વ્યક્તિત્વ સાથે તન્મય થઈને શીખે છે.

પરંપરાગત શિક્ષણમાં શિક્ષક જ્ઞાનનો એકમાત્ર સ્રોત હોય છે અને વિદ્યાર્થીઓ નિષ્ક્રિય શ્રોતા. પરંતુ અનુભવજન્ય શિક્ષણમાં શિક્ષક સહાયક અને માર્ગદર્શક હોય છે, અને વિદ્યાર્થીઓ પોતાના જ્ઞાનના

નિર્માતા બને છે. આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને તેમની શીખવાની ગતિ અને પદ્ધતિ પર નિયંત્રણ મળે છે, જે તેમનો આત્મવિશ્વાસ અને સ્વતંત્ર ચિંતન શક્તિ વિકસાવે  છે.

## અનુભવજન્ય શિક્ષણની મુખ્ય વિશેષતાઓ :

**વિદ્યાર્થી-કેન્દ્રિત વાતાવરણ :** આ પદ્ધતિમાં શિક્ષણના કેન્દ્રમાં વિદ્યાર્થી હોય છે. તે શીખવાની ગતિ, પદ્ધતિ પોતે નક્કી કરે છે. શિક્ષક આદેશ આપનાર નહીં, પરંતુ માર્ગદર્શક અને સુવિધાકર્તા તરીકે કાર્ય કરે છે.

**સક્રિય સહભાગિતા :** વિદ્યાર્થીઓ માત્ર સાંભળતા નથી, પરંતુ સક્રિય રીતે પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. તેઓ પ્રશ્નો પૂછે છે, જે તે સમસ્યાના સંદર્ભે તપાસ કરે છે, પ્રયોગ કરે છે અને પોતે જ પોતાના નિષ્કર્ષો કાઢે છે.

**બહુસંવેદી શિક્ષણ :** આ પદ્ધતિ પાંચેય ઇન્દ્રિયો - દૃષ્ટિ, શ્રવણ, સ્પર્શ, સ્વાદ અને ઘ્રાણ ઈન્દ્રિયોનો ઉપયોગ કરીને સમૃદ્ધ શિક્ષણ અનુભવ પ્રદાન કરે છે. મનોવૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે જ્યારે વધુ ઇન્દ્રિયો સામેલ હોય, ત્યારે શિક્ષણ વધુ અસરકારક અને લાંબા ગાળા સુધી યાદ રહે તેવું બને છે.

**સહયોગાત્મક અને સામાજિક શિક્ષણ :** વિદ્યાર્થીઓ એકબીજા સાથે મળીને કામ કરે છે, વિચારોની આપ-લે કરે છે અને સામૂહિક રીતે સમસ્યાઓનું નિરાકરણ કરે છે. આ સામાજિક આંતરક્રિયા, સંવાદ કૌશલ્ય, સહાનુભૂતિ અને જૂથકાર્યની ભાવના વિકસાવે છે.

## ડેવિડ કોલ્બનું અનુભવજન્ય શિક્ષણ ચક્ર :

અમેરિકન શૈક્ષણિક સિદ્ધાંતવાદી ડેવિડ એ. કોલ્બે ૧૯૮૪માં અનુભવજન્ય શિક્ષણનો વ્યાપક સિદ્ધાંત પ્રસ્તુત કર્યો, જે જીન પ્યુજો, જ્હોન ડ્યૂઇ અને કર્ટ લેવિનના કાર્યોથી પ્રેરિત હતો. કોલ્બે શિક્ષણને એક -ચક્રીય અને સતત ચાલતી પ્રક્રિયા તરીકે વર્ણવી, જેમાં ચાર તબક્કાઓ પરસ્પર સંકળાયેલા  છે:

### ૧. મૂર્ત અનુભવ (Concrete Experience)

શિક્ષણ ચક્રનો પ્રથમ તબક્કો એ નવી પ્રવૃત્તિ અથવા અનુભવમાં સંપૂર્ણ સંલગ્નતા છે. આ તબક્કામાં વિદ્યાર્થી પોતાની તમામ ઇન્દ્રિયો દ્વારા પ્રત્યક્ષ કાર્યાનુભવ મેળવે છે. ઉદાહરણ તરીકે, વિજ્ઞાન પ્રયોગશાળામાં રાસાયણિક પ્રક્રિયા કરવી, કલાના વર્ગમાં ચિત્ર દોરવું, અથવા ગણિતમાં આકારો બનાવીને ભૂમિતિના ગુણધર્મો સમજવા.

સંશોધનો દર્શાવે છે કે જ્યારે વિદ્યાર્થીઓ જાતે કંઈક કરે છે ત્યારે આ  અનુભવ તેમની સ્મૃતિમાં વધુ મજબૂત રીતે સ્થપાય  છે. ન્યુરોસાયન્સના અભ્યાસો સૂચવે છે કે સક્રિય સહભાગિતા મગજના વિવિધ ભાગોને પ્રેરિત કરે છે, જે લાંબા ગાળાની સ્મૃતિ નિર્માણમાં મદદ કરે છે.

ઉદાહરણ તરીકે, કોઈ એક શાળામાં વિદ્યાર્થીઓને ઔષધીય વનસ્પતિઓની મુલાકાતે લઈ જવામાં આવે છે, જ્યાં તેઓ વિવિધ છોડને જોઈ શકે છે, સ્પર્શ કરી શકે છે, ગંધ લઈ શકે છે અને તેમના ઉપયોગ વિશે જાણી શકે છે.

**૨. ચિંતનાત્મક નિરીક્ષણ (Reflective Observation)**

અનુભવ પછી બીજો મહત્ત્વનો તબક્કો એ તેના પર ગહન ચિંતન કરવાનો છે. આ તબક્કામાં વિદ્યાર્થી પોતાના અનુભવનું નિરીક્ષણ કરે છે, તેનું વિશ્લેષણ કરે છે, અને પ્રશ્નો પૂછે છે:

- શું થયું?
- કેમ થયું?
- હું આમાંથી શું શીખ્યો?
- હું શું અલગ રીતે કરી શક્યો હોત?

આ ચિંતન શિક્ષણની કરોડરજ્જુ છે. જો વિદ્યાર્થી પોતાના અનુભવો પર વિચાર ન કરે, તો તે માત્ર એક પ્રવૃત્તિ બનીને રહી જાય છે, જ્ઞાનમાં પરિવર્તિત થતી નથી. શિક્ષકની ભૂમિકા અહીં મહત્ત્વની બને છે. યોગ્ય પ્રશ્નો અને પ્રતિપ્રશ્નો પૂછવામાં આવે અથવા તેમના અનુભવ સંદર્ભે લેખ લખવાનું કહેવામાં આવે ત્યારે શિક્ષક આ વિદ્યાર્થીઓને ઊંડા ચિંતન માટે પ્રોત્સાહિત કરી શકે છે.

જ્યારે વિદ્યાર્થીઓએ ગીર અભયારણ્યની મુલાકાત લીધી હોય, પછી તેઓ જર્નલ લખે છે - "આજે મેં જે જોયું તે શું હતું? સિંહ કેવી રીતે રહે છે? વન્યજીવન સંરક્ષણ કેમ જરૂરી છે?"

**૩. અમૂર્ત સંકલ્પના (Abstract Conceptualization)**

ત્રીજા તબક્કામાં વિદ્યાર્થીઓ પોતાના અનુભવો અને ચિંતનમાંથી સામાન્ય સિદ્ધાંતો, નિયમો અને સંકલ્પનાઓ વિકસાવે છે. તેઓ પોતાના અનુભવને સૈદ્ધાંતિક જ્ઞાન સાથે જોડે છે અને નવી સમજણ વિકસાવે છે.

ઉદાહરણ તરીકે, જો વિદ્યાર્થીએ વિવિધ તાપમાને પાણીના બાષ્પીભવનનો અનુભવ કર્યો હોય, તો આ તબક્કામાં તે ઉષ્મા અને જે- તે ભૌગોલિક પ્રદેશના પરિવર્તનના સામાન્ય સિદ્ધાંતોને સમજી શકે છે. આ તબક્કો વિદ્યાર્થીઓને અમૂર્ત વિચારણા, તાર્કિક વિશ્લેષણ અને સંકલ્પનાત્મક સમજણ વિકસાવવામાં મદદ કરે છે.

**૪. સક્રિય પ્રયોગ (Active Experimentation)**

શિક્ષણચક્રનો અંતિમ તબક્કો એ છે જ્યાં વિદ્યાર્થીઓ પોતાના નવા જ્ઞાન અને સમજણનો

ઉપયોગ કરીને નવી પરિસ્થિતિઓમાં અજમાવી જુએ છે. તેઓ પોતાની ધારણાઓને કસે (એટલે કે નવી પરિસ્થિતિમાં અજમાવે છે) છે, નવા ઉકેલો શોધે છે અને વાસ્તવિક સમસ્યાઓના ઉકેલમાં  લાગુ પાડે છે. આ તબક્કો ફરીથી નવા મૂર્ત અનુભવ તરફ દોરી જાય છે, અને આમ શિક્ષણચક્ર સતત ચાલુ રહે છે. દરેક ચક્ર સાથે વિદ્યાર્થીનું શિક્ષણ ગહન, વિશાળ અને વધુ પરિષ્કૃત બને છે.

## કોલ્બની ચાર શિક્ષણ શૈલીઓ :

કોલ્બે દર્શાવ્યું કે અધ્યયન માટે વિવિધ વ્યક્તિઓ શિક્ષણ ચક્રના જુદા જુદા તબક્કાઓને પસંદ કરે છે, જેના આધારે ચાર વિશિષ્ટ શિક્ષણશૈલીઓ ઊભરી આવે છે :

### ૧. વૈવિધ્યલક્ષી વિચારસરણી ધરાવનાર (Diverging) :

આ શૈલી, અનુભવવા અને નિરીક્ષણ કરવા પર ભાર મૂકે છે. આવા અધ્યેતા  સર્જનાત્મક અને કલ્પનાશીલ હોય છે, વિવિધ દૃષ્ટિકોણો પર વિચાર કરી શકે છે અને સામૂહિક કાર્યમાં ઉત્તમ હોય છે. ઉદાહરણ તરીકે, કોઈ વિદ્યાર્થી જે સ્થાનિક કારીગરો પાસેથી પરંપરાગત હસ્તકલા શીખે અને તેમાં પોતાની નવીનતા ઉમેરે.

| | **વિચારીને શીખવું (Thinking)** | **ભાવના દ્વારા શીખવું (Feeling)** |
|---|---|---|
| જોઈને શીખવું (Watching) | Assimilating<br>તર્ક અને વિશ્લેષણ<br>વ્યાખ્યાન, વાંચન | Diverging<br>(વૈવિધ્યલક્ષી વિચારસરણી)<br>કલ્પનાશક્તિ અને અનુભૂતિ<br>ચર્ચા, સમૂહ પ્રવૃત્તિ |
| કરીને શીખવું (Doing) | Converging<br>ટેક્નિકલ અને સમસ્યા ઉકેલવી<br>પ્રોજેક્ટ, મોડલ | Accommodating<br>અનુભવથી શીખવું<br>હાથે કામ, ફીલ્ડ વર્ક |

- વિશેષતા : કલ્પનાશીલ, સંવેદનશીલ, વિવિધ દૃષ્ટિકોણ સમજવા સક્ષમ.
- શીખવાની રીત : અનુભવ અને નિરીક્ષણ દ્વારા શીખવાનું પસંદ
- યોગ્ય પ્રવૃત્તિઓ : સમૂહ ચર્ચા, બ્રેઈનસ્ટોર્મિંગ
- ઉદાહરણરૂપ વ્યવસાયો : શિક્ષક, સલાહકાર, કલાકાર

**૨. આત્મસાત કરનાર (Assimilating) :**

આ શૈલી નિરીક્ષણ અને વિચારણા (ચિંતન) પર કેન્દ્રિત છે. આવા અધ્યેતાઓ તાર્કિક તથા વિશ્લેષણાત્મક અને સિદ્ધાંતો બનાવવામાં કુશળ હોય છે. તેઓ માહિતીને સંગઠિત કરવામાં અને સંકલિત મોડેલ્સ બનાવવામાં પાવરધા હોય છે. ઉદા. તરીકે, વિજ્ઞાન પ્રદર્શનમાં એક વિદ્યાર્થી વિવિધ પ્રયોગો જોઈને તેમના પાછળના સિદ્ધાંતો સમજવા પ્રયત્ન કરે

- વિશેષતા : તર્કસંગત વિચારશક્તિ, ગહન અભ્યાસની પસંદગી.
- શીખવાની રીત : વિચારોને ગોઠવીને સમજી લે છે; વાસ્તવિકતા રજુ કરતા સિદ્ધાંતો વધુ પસંદ.
- યોગ્ય પ્રવૃત્તિઓ : વ્યાખ્યાન, પુસ્તક વાંચન.
- ઉદાહરણરૂપ વ્યવસાયો : વિજ્ઞાની, વિશ્લેષક, ગણિતજ્ઞ.

**૩. સંયોજક (Converging) :**

આ શૈલી વિચારવા અને કરવા પર આધારિત છે. આવા અધ્યેતાઓ વ્યાવહારિક સમસ્યાઓ ઉકેલવામાં, નિર્ણય લેવામાં અને સિદ્ધાંતોનો વ્યાવહારિક ઉપયોગ કરવામાં કુશળ હોય છે. ઉદા.શાળામાં કોઈ વિદ્યાર્થી રોબોટિક્સ સ્પર્ધામાં ભાગ લઈને તકનીકી સમસ્યાઓ હલ કરે.

- વિશેષતા : સમસ્યા હલ કરવા સક્ષમ, સૈદ્ધાંતિક જ્ઞાનને વાસ્તવિક કાર્યોમાં ઉપયોગ કરે છે.
- શીખવાની રીત : વિચારીને કરી જોવા સક્ષમ
- યોગ્ય પ્રવૃત્તિઓ : ટેક્નિકલ પ્રયોગો, પ્રોજેક્ટ કાર્ય
- ઉદાહરણરૂપ વ્યવસાયો : ઈજનેર, ટેક્નોલોજી વિશેષજ્ઞ

**૪. સમાયોજક (Accommodating) :**

આ શૈલી અનુભવવા અને કરવા પર ભાર મૂકે છે. આવા અધ્યેતાઓ સાહસિક, લવચીક અને નવી પરિસ્થિતિઓને અનુકૂળ થવામાં ઝડપી હોય છે. તેઓ અખતરા અને ભૂલની પદ્ધતિનો ઉપયોગ કરે છે. કોઈ વિદ્યાર્થી જે ઉદ્યોગસાહસિકતાના પ્રોજેક્ટમાં પોતાનો વ્યવસાય શરૂ કરવાનો પ્રયાસ કરે.

- વિશેષતા : હાથે કામ કરવાનું ગમવું, જોખમ લેવા તૈયાર
- શીખવાની રીત : અજમાવીને શીખે છે; અનુભવ પરથી શીખે છે.
- યોગ્ય પ્રવૃત્તિઓ : ક્ષેત્ર કાર્ય (fieldwork), પ્રાયોગિક અભ્યાસ
- ઉદાહરણરૂપ વ્યવસાયો : માર્કેટિંગ, ઉદ્યોગસાહસિકતા, ટ્રાવેલર

## ભારતીય શૈક્ષણિક પરંપરા અને અનુભવજન્ય શિક્ષણ

અનુભવજન્ય શિક્ષણ એ કોઈ નવી વિદેશી વિભાવના નથી; તે ભારતીય શૈક્ષણિક પરંપરામાં હજારો વર્ષોથી અસ્તિત્વમાં છે.

**ગુરુકુળ પદ્ધતિ :**

પ્રાચીન ભારતની ગુરુકુળ વ્યવસ્થા અનુભવજન્ય શિક્ષણનું શ્રેષ્ઠ ઉદાહરણ હતી. ગુરુકુળોમાં વિદ્યાર્થીઓ પ્રકૃતિની નજીક, ગુરુ સાથે રહીને વ્યાવહારિક જ્ઞાન મેળવતા અને જીવનની વિવિધ પરિસ્થિતિઓનો પ્રત્યક્ષ અનુભવ કરીને શીખતા હતા. ધર્મશાસ્ત્ર, તત્વજ્ઞાન, કલા, યુદ્ધવિદ્યા, રાજનીતિ અને વિવિધ વ્યવસાયો સૈદ્ધાંતિક જ્ઞાન સાથે વિદ્યાર્થીઓને વ્યાવહારિક તાલીમ દ્વારા શીખવવામાં આવતા હતા.

## ભારતીય વિચારકોનું યોગદાન

આધુનિક ભારતના અનેક મહાન વિચારકોએ અનુભવજન્ય અને સર્વાંગી શિક્ષણના મહત્ત્વને ઓળખ્યું :

**સ્વામી વિવેકાનંદ :** તેમણે કહ્યું, "શિક્ષણ એ વ્યક્તિમાં  નિહિત પૂર્ણત્વની અભિવ્યક્તિ છે." તેઓ માનતા હતા કે શિક્ષણે આત્મ-વિકાસ, ચારિત્ર્ય નિર્માણ અને વ્યાવહારિક કૌશલ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

**રવીન્દ્રનાથ ટાગોર :** તેમણે શાંતિનિકેતનમાં એક એવી શાળા સ્થાપી જ્યાં વિદ્યાર્થીઓ પ્રકૃતિની નજીક, ખુલ્લી હવામાં, કલા અને સંગીતના માધ્યમથી શીખતા હતા. તેમની શૈક્ષણિક દૃષ્ટિ સર્જનાત્મકતા, આનંદદાયક શિક્ષણ અને વાસ્તવિક જીવન સાથે જોડાણ પર આધારિત હતી.

**મહાત્મા ગાંધી :** તેમણે 'નઈ તાલીમ' અથવા 'પાયાનું શિક્ષણ'નો વિચાર આપ્યો, જેમાં હસ્તકાર્ય અને વ્યાવસાયિક તાલીમને શિક્ષણનો અભિન્ન ભાગ બનાવવામાં આવેલ. તેઓ માનતા હતા કે માથા Head (વિચાર), Heart - હૃદય (લાગણી) અને Hand હાથ (કાર્ય) ત્રણેયનો સમાન વિકાસ થવો જોઈએ.

**જિદ્દુ કૃષ્ણમૂર્તિ :** તેમણે જ્ઞાન અને શિક્ષણ વચ્ચેનો તફાવત સમજાવતા કહ્યું કે સાચું શિક્ષણ માત્ર માહિતી એકત્રિત કરવાની નહીં, પરંતુ જીવનને તેની સંપૂર્ણતામાં સમજવાની પ્રક્રિયા છે.

## રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા અને અનુભવજન્ય શિક્ષણ

આ નીતિ અનુભવાત્મક શિક્ષણને શિક્ષણશાસ્ત્રના કેન્દ્રમાં મૂકે છે અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) માં આ દ્રષ્ટિકોણને વ્યાવહારિક સ્વરૂપ આપવા માટે વિગતવાર માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે.

**NCF માં અનુભવજન્ય શિક્ષણનો આધાર**

રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું શાળા શિક્ષણ માટે એક સ્પષ્ટ શૈક્ષણિક દર્શન રજૂ કરે છે, જે સ્વીકારે છે કે દરેક બાળક કુદરતી રીતે જ અધ્યેતા છે.. એ સતત નવી નવી બાબતો શીખતો હોય છે. NCF-SE જણાવે છે કે બાળકો તેમના મગજની સહજ કાર્યપ્રણાલી દ્વારા શીખે છે - સામુદાયિક શિક્ષણ, ભાવનાત્મક જોડાણો અને સાંસ્કૃતિક સંદર્ભો દ્વારા. અનુભવજન્ય શિક્ષણ આ સ્વાભાવિક પ્રક્રિયાને પ્રોત્સાહિત કરે છે.

**શિક્ષણશાસ્ત્રમાં મુખ્ય સિદ્ધાંતો**

NEP 2020 અને NCF દસ્તાવેજ અનુભવજન્ય શિક્ષણને અમલમાં મૂકવા માટે નીચેના માર્ગદર્શક સિદ્ધાંતો રજૂ કરે છે:

**૧. સહભાગી અને સક્રિય શિક્ષણ :**

શિક્ષણ એ કેવળ માહિતીનું સ્થાનાંતરણ નહીં, પરંતુ વિદ્યાર્થીઓની સક્રિય સહભાગિતા દ્વારા જ્ઞાન નિર્માણની પ્રક્રિયા છે. વર્ગખંડમાં વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા, શોધખોળ કરવા પ્રેરિત કરવા અને પ્રયોગો દ્વારા શીખવાની તકો આપવી આવશ્યક છે.

**૨. બહુવિધ સંસાધનોનો ઉપયોગ :**

NCF માર્ગદર્શિકા ભારપૂર્વક જણાવે છે કે શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તકો પુરતું મર્યાદિત ન રહેવું જોઈએ. ભૌતિક પર્યાવરણ, અધ્યયન અધ્યાપન સામગ્રી (TLMs), સમાજ અને વાસ્તવિક જીવનના સંદર્ભોનો ઉપયોગ તેમજ અનુભવજન્ય શિક્ષણ એ શૈક્ષણિક પદ્ધતિના કેન્દ્રમાં છે. આ બહુસંવેદી શિક્ષણ અનુભવો પ્રદાન કરે છે જે વિદ્યાર્થીઓની સમજ ગહન બનાવે છે.

**૩. સુરક્ષિત અને પ્રોત્સાહક વાતાવરણ :**

NCF એ બાબત પર ભાર મૂકે છે કે શિક્ષણ માટે એવું વાતાવરણ જરૂરી છે જ્યાં વિદ્યાર્થીઓ શીખવાના સંદર્ભે જોખમ લઈ શકે, ભૂલો કરી શકે અને તેમાંથી શીખી શકે. આ ભાવનાત્મક રીતે સુરક્ષિત વાતાવરણ વિદ્યાર્થીઓને સંશોધન અને પ્રયોગ કરવા પ્રેરિત કરે છે.

**૪. પંચપદી શિક્ષણ પ્રક્રિયા :**

NCF દસ્તાવેજ "પંચપદી" શિક્ષણ પ્રક્રિયા જે અનુભવજન્ય શિક્ષણનું માળખું પૂરું પાડે છે :

- પરિચય (Introduction) : નવી સંકલ્પનાનો પરિચય
- સમજ (Understanding) : ગહન સમજ વિકસાવવી

- અભ્યાસ (Practice) : નિયમિત અને વૈવિધ્યપૂર્ણ અભ્યાસ - મહાવરો
- ઉપયોગ (Application) : વાસ્તવિક જીવનમાં અમલીકરણ કરવું
- વિસ્તરણ (Extension) : જ્ઞાનનું વિસ્તરણ કરવું અને નવીન પરિસ્થિતિમાં તેનો અમલ કરવો.

આ પ્રક્રિયા સુનિશ્ચિત કરે છે કે વિદ્યાર્થીઓ માહિતી માત્ર યાદ નહીં રાખે, પરંતુ તેને અનુભવ દ્વારા આત્મસાત કરે.

## સ્મૃતિ અને અભ્યાસની નવી સમજ

NEP 2020 અને NCF એ ગોખણપટ્ટી (Rote memorization) અને અર્થપૂર્ણ સ્મૃતિ (Meaningful memory) વચ્ચેનો મહત્વપૂર્ણ ભેદ રજૂ કરે છે. જે સ્પષ્ટ કરે છે કે પ્રાચીન ભારતીય શિક્ષણ પરંપરામાં સ્મૃતિને મહત્વ આપવામાં આવતું હતું, પરંતુ તે સમજ સાથે સંકળાયેલ હતું. અનુભવજન્ય શિક્ષણમાં અભ્યાસ એ જડ પુનરાવર્તન નથી, પરંતુ વિવિધ સંદર્ભોમાં કૌશલ્યોને લાગુ કરવાની પ્રક્રિયા છે.

નિયમિત, વિવિધ અને અર્થપૂર્ણ અભ્યાસ કે પ્રેક્ટીસ દ્વારા મૂળભૂત જ્ઞાન આત્મસાત થાય છે, જે વિદ્યાર્થીઓને ઉચ્ચ સ્તરની વિચારણા માટે તેમની માનસિક ક્ષમતા વધારવામાં મદદરૂપ થાય છે.

## મૂલ્યો અને વલણોનો વિકાસ

અનુભવજન્ય શિક્ષણ માત્ર શૈક્ષણિક જ્ઞાન સુધી મર્યાદિત નથી. મૂલ્યો અને વલણો વર્ગખંડ વ્યવહારો, શાળા સંસ્કૃતિ, અને સંસ્થામાં લોકશાહી પ્રક્રિયાઓમાં સહભાગિતા દ્વારા મૂલ્યો અને વલણોનો વિકસિત થાય છે. ઉદાહરણ તરીકે:

- સન્માનનું મૂલ્ય : વર્ગખંડના આવકારદાયક વ્યવહારો અને ચર્ચાઓ દ્વારા પ્રોત્સાહન
- પ્રશ્ન પૂછવાની પરંપરા : પ્રાચીન ભારતીય પરંપરા જે મજબૂત ચર્ચા અને વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહન આપે છે
- પર્યાવરણ જવાબદારી : વર્ગખંડ અને શાળા પર્યાવરણની સંભાળ રાખવી

## શિક્ષકની ભૂમિકા : માર્ગદર્શક અને સહાયક

અનુભવજન્ય શિક્ષણમાં શિક્ષક માત્ર જ્ઞાનપ્રદાતા નથી, પરંતુ માર્ગદર્શક અને સહાયક છે. NCF નીચેની વ્યૂહરચનાઓ સૂચવે છે:

**સહાયક માળખું (Scaffolding) :** શિક્ષકોએ ક્રમશઃ અધ્યયન જવાબદારી વિદ્યાર્થીઓને સોંપવી જોઈએ, પ્રારંભમાં સહાય પૂરી પાડવી અને ધીમે ધીમે તે ઓછી કરવી જોઈએ.

**વૈયક્તિક જરૂરિયાત મુજબ શિક્ષણ :** દરેક વિદ્યાર્થીની વિવિધ જરૂરિયાતો અને અધ્યયન શૈલીઓને ધ્યાનમાં રાખીને શિક્ષણ આયોજન કરવું.

**સહયોગાત્મક કાર્ય :** વિદ્યાર્થીઓને જૂથમાં કામ કરવા, એકબીજા પાસેથી શીખવા અને સહકાર્ય કરવાની તકો આપવી.

**પ્રતિભાવ અને પ્રોત્સાહન :** રચનાત્મક પ્રતિભાવ જે વિદ્યાર્થીઓને તેમની પ્રગતિ સમજવામાં મદદ કરે અને આગળ વધવા પ્રેરિત કરે.

## વય અનુરૂપ અનુભવજન્ય શિક્ષણ :

NEP 2020 અને NCF શિક્ષણના વિવિધ તબક્કાઓ માટે વિશિષ્ટ માર્ગદર્શન આપે છે :

**પાયાનો તબક્કો (3-8 વર્ષ) :** પૃચ્છા આધારિત, શારીરિક સહભાગિતા, કલા અને રમત દ્વારા શિક્ષણ. આ તબક્કે અનુભવજન્ય શિક્ષણ કુદરતી અને આવશ્યક છે.

**પ્રારંભિક તબક્કો (8-11 વર્ષ) :** સ્વ-હસ્તે કરવાની પ્રવૃત્તિઓ, સંવાદાત્મક શિક્ષણ, અને વાસ્તવિક જીવન સાથે જોડાણ.

**મધ્ય તબક્કો (11-14 વર્ષ) :** સામાજિક સહભાગિતા, પ્રોજેક્ટ-આધારિત શિક્ષણ, અને સ્વતંત્રતા સાથે શોધખોળ/સંશોધનની તક.

**માધ્યમિક તબક્કો (14-18 વર્ષ) :** સ્વતંત્ર શોધખોળ, સંશોધન-આધારિત શિક્ષણ, અને વાસ્તવિક દુનિયાના પડકારોનો સામનો

## ગૃહકાર્ય : અનુભવજન્ય શિક્ષણ

NCF માર્ગદર્શિકા ગૃહકાર્યને અનુભવજન્ય શિક્ષણના વિસ્તરણ તરીકે જુએ છે. તે સૂચવે છે કે ગૃહકાર્ય:

- વય-અનુરૂપ અને સંદર્ભાનુસાર રસપ્રદ હોવું જોઈએ
- વર્ગખંડમાં શીખેલા કૌશલ્યોને સઘન બનાવવાં જોઈએ
- વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવનમાં શિક્ષણ લાગુ કરવાની તક આપવી જોઈએ
- માત્ર પાઠ્યપુસ્તકના પુનરાવર્તન કરતાં આગળ જઈને જિજ્ઞાસા અને સ્વતંત્રતા વિકસાવવી જોઈએ

## સમાવેશક અનુભવજન્ય શિક્ષણ

NEP 2020 નું એક મહત્વપૂર્ણ પાસું સમાવેશક શિક્ષણ છે. NCF દસ્તાવેજ જણાવે છે કે અનુભવજન્ય શિક્ષણ બધા વિદ્યાર્થીઓ માટે સુલભ હોવું જોઈએ, તેમાં વિવિધ શીખવાની જરૂરિયાતો અને દિવ્યાંગો માટે તેમજ વિવિધ શીખવાની ત્રુટિઓ ધરાવતા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ માટે :

- સેતુ અભ્યાસક્રમો (Bridging courses) પ્રદાન કરવા
- વ્યક્તિગત સહાય અને વૈવિધ્યપૂર્ણ કાર્યો આપવા
- વર્ગખંડમાં સાથી સહાય પ્રણાલી (buddy systems) બનાવવી
- શિક્ષકો અને વાલીઓ વચ્ચે સતત સંવાદ રાખવો
- તકનીકી સહાય જેવા કે અનુકૂલિત ડિજિટલ સંસાધનોનો ઉપયોગ કરવો

આ NCF દર્શાવે છે કે જ્યારે આપણે બાળકોની કુદરતી જિજ્ઞાસા, સંશોધનની ઇચ્છા અને અનુભવ દ્વારા શીખવાની ક્ષમતાને પ્રોત્સાહન આપીએ, ત્યારે જ શિક્ષણ વાસ્તવિક અને દીર્ઘકાલીન બને છે. NEP 2020 અને NCFSE આ દિશામાં એક મજબૂત નીતિગત અને વ્યાવહારિક આધાર પૂરો પાડે છે જે ભારતીય શિક્ષણ વ્યવસ્થાને 21મી સદીની જરૂરિયાતો માટે તૈયાર કરે છે.

## **અનુભવજન્ય શિક્ષણના લાભો** :

સંશોધનો અને વ્યાવહારિક અનુભવ બંને દર્શાવે છે કે અનુભવજન્ય શિક્ષણ અનેક મહત્વપૂર્ણ લાભો પ્રદાન કરે છે:

### ૧. ગહન અને દીર્ઘકાલીન શિક્ષણ

જ્યારે વિદ્યાર્થીઓ પોતે કંઈક કરીને શીખે છે, ત્યારે તે જ્ઞાન તેમની સ્મૃતિમાં લાંબા સમય સુધી રહે છે. "લર્નિંગ પિરામિડ" સંશોધન દર્શાવે છે કે લોકો વાંચેલામાંથી માત્ર ૧૦%, સાંભળેલામાંથી ૨૦%, પરંતુ પોતાના કાર્ય-અનુભવને કરેલામાંથી ૭૫% યાદ રાખે છે.

### ૨. વિવેચનાત્મક વિચારણા અને સમસ્યા નિરાકરણ

અનુભવજન્ય શિક્ષણ વિદ્યાર્થીઓની વિવેચનાત્મક રીતે વિચારવા, સમસ્યાઓનું વિશ્લેષણ કરવા અને રચનાત્મક ઉકેલો શોધવાની કુશળતા વિકસાવે છે. તેઓ માત્ર જવાબ યાદ રાખતા નથી, પરંતુ પ્રશ્નો પૂછતા શીખે છે.

### ૩. આત્મવિશ્વાસ અને સ્વતંત્રતા

સ્વ પ્રયત્નથી કાર્ય કરીને સફળ થવાથી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધે છે. જેઓ પોતાના શિક્ષણની જવાબદારી લે છે તેઓ સ્વતંત્ર શિક્ષાર્થી તરીકે વિકસે છે અને આજીવન અધ્યયનની ટેવ વિકસાવે છે.

### ૪. ૨૧મી સદીનાં કૌશલ્યો

અનુભવજન્ય શિક્ષણ સર્જનાત્મકતા, સહયોગ, સંવાદ અને વૈશ્વિક નાગરિક બનવા જેવી

આધુનિક યુગનાં આવશ્યક કૌશલ્યો વિકસાવે છે. આ કૌશલ્યો માત્ર શૈક્ષણિક સફળતા માટે જ નહીં, પરંતુ વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનમાં પણ મહત્ત્વપૂર્ણ નીવડે છે.

**૫. વિષયો વચ્ચે આંતર-જોડાણ**

અનુભવજન્ય શિક્ષણ વિવિધ વિષયોને એકબીજા સાથે જોડવામાં મદદ કરે છે. વાસ્તવિક જીવનની સમસ્યાઓ ક્યારેય માત્ર એક વિષય પૂરતી મર્યાદિત હોતી નથી - તે વિજ્ઞાન, ગણિત, ભાષા અને સામાજિક જ્ઞાનનું સંયોજન માગે છે.

**૬. વિવિધ શિક્ષણ શૈલીઓનો સમાવેશ**

દરેક વિદ્યાર્થી અલગ રીતે શીખે છે. કેટલાક દૃશ્ય માધ્યમથી શીખનારા હોય છે, કેટલાક શ્રાવ્ય માધ્યમથી દરેક વ્યક્તિ અલગ-અલગ શિક્ષણ પદ્ધતિથી શીખે છે. અનુભવજન્ય શિક્ષણ તમામ પ્રકારના શીખનારાઓની શિક્ષણક્ષુધા સંતોષે છે.

## અનુભવજન્ય શિક્ષણની પદ્ધતિઓ

અનુભવજન્ય શિક્ષણ વિવિધ પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓ દ્વારા અમલમાં મૂકી શકાય છે :

- **પ્રયોગશાળા અને હેન્ડ્સ-ઓન (સ્વપ્રયત્ને- કરવાની) પ્રવૃત્તિઓ :** વિજ્ઞાન અને ગણિતમાં વ્યાવહારિક પ્રયોગો, મોડેલ્સ બનાવવા અને સાધનોનો ઉપયોગ કરવો.
- **પ્રોજેક્ટ-આધારિત શિક્ષણ :** વાસ્તવિક સમસ્યાઓ અથવા પ્રશ્નોને ઉકેલવા માટે લાંબા ગાળાના પ્રોજેક્ટ્સ
- **ક્ષેત્ર ભ્રમણ - ફિલ્ડ ટ્રીપ :** સંગ્રહાલયો, ઐતિહાસિક સ્થળો, વિજ્ઞાનકેન્દ્રો, કારખાનાઓ અને પ્રાકૃતિક સ્થળોની મુલાકાત
- **ભૂમિકા ભજવણી અને સિમ્યુલેશન રોલ પ્લે :** વિવિધ પરિસ્થિતિઓનું અનુકરણ કરીને વાસ્તવિક અનુભવ મેળવવો
- **સમુદાય સેવા :** સામાજિક જવાબદારી સમજવી અને સામાજિક મૂલ્યો વિકસાવવા.
- **કલા સંકલિત શિક્ષણ :** ચિત્રકારી, સંગીત, નૃત્ય અને નાટક દ્વારા વિષયવસ્તુ શીખવી

**વ્યાવહારિક ઉદાહરણ**

**વિજ્ઞાન :** બીજનું અંકુરણ - વિદ્યાર્થીઓ વિવિધ પરિસ્થિતિઓમાં (પાણી સાથે, પાણી વગર, પ્રકાશ સાથે, અંધારામાં) બીજ રોપે છે, દરરોજ નિરીક્ષણ કરે છે, રેકોર્ડ રાખે છે અને નિષ્કર્ષો કાઢે છે.

**ગણિત :** બજારમાં જઈને ખરીદી-વેચાણ કરવાં, બિલ બનાવવાં - આ પ્રવૃત્તિઓમાં ગણિત વાસ્તવિક જીવન સાથે જોડાય છે.

**સામાજિક વિજ્ઞાન :** શાળામાં ચૂંટણી કરાવવી - વિદ્યાર્થીઓ ઉમેદવારો બને, પ્રચાર કરે, મતદાન કરે અને લોકશાહીની પ્રક્રિયા સમજે.

**ભાષા :** નાટક રજૂ કરવું, વાર્તાઓ બનાવવી, ઈન્ટરવ્યુ લેવા - આમાં ભાષા કૌશલ્ય આનંદદાયક રીતે વિકસે છે.

## પરંપરાગત શિક્ષણ અને અનુભવજન્ય શિક્ષણમાં તફાવત :

| પાસું | પરંપરાગત શિક્ષણ | અનુભવજન્ય શિક્ષણ |
|---|---|---|
| કેન્દ્ર | શિક્ષક-કેન્દ્રિત | વિદ્યાર્થી-કેન્દ્રિત |
| પદ્ધતિ | રટણ, સાંભળવું | કરવું, અનુભવવું |
| શિક્ષકની ભૂમિકા | જ્ઞાનદાતા | સુવિધાકર્તા, માર્ગદર્શક |
| વિદ્યાર્થીની ભૂમિકા | નિષ્ક્રિય શ્રોતા | સક્રિય સહભાગી |
| મૂલ્યાંકન | સંકલિત પરીક્ષાઓ માં લેખન  પર ભાર | સતત અને બહુવિધ પદ્ધતિઓ |
| જ્ઞાનની પ્રાપ્તિ | એકતરફી સ્થાનાંતરણ | સહયોગાત્મક નિર્માણ |

## પડકારો અને નિરાકરણ

અનુભવજન્ય શિક્ષણને અમલમાં મૂકતાં સામનો કરવાના  વખતે કેટલાક પડકારો :

- **શાળા સમયની મર્યાદા અને નિરાકરણ -** અભ્યાસક્રમમાં લવચીકતા, મુખ્ય સંકલ્પનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- **મોટા વર્ગખંડ :** નિરાકરણ - જૂથ પ્રવૃત્તિઓ, સહપાઠી, વરિષ્ઠ વિદ્યાર્થીઓની સહાયતા.
- **શિક્ષક તાલીમ :** નિરાકરણ - નિયમિત કાર્યશાળાઓ, ઓનલાઈન તાલીમ, શિક્ષકોના હબ્સ.
- **સંસાધનોની મર્યાદા :** નિરાકરણ - સ્થાનિક સંસાધનોનો ઉપયોગ, લો-કોસ્ટ અને નો-કોસ્ટ સામગ્રી, સમુદાયની સહભાગિતા

અનુભવજન્ય શિક્ષણ એ શિક્ષણનું ભવિષ્ય છે. જીન પ્યુજો ના શબ્દોમાં કહીએ તો, "જ્ઞાન એ વાસ્તવિકતાની નકલ નથી, પરંતુ તેની સાથેની આંતરક્રિયામાંથી ઉદ્ભવે છે."

આજના વિશ્વમાં આપણે એવા નાગરિકો ઉભા કરવા માગીએ છીએ જેઓ માત્ર આદેશ પાળનાર નહીં, પરંતુ વિચારશીલ, સર્જનાત્મક, સંવેદનશીલ અને જવાબદાર હોય. અનુભવજન્ય શિક્ષણ આ તમામ ગુણો વિકસાવવાનું સશક્ત માધ્યમ છે.

ચાલો, આપણે બધા - શિક્ષકો, વાલીઓ, નીતિ નિર્માતાઓ અને સમાજ - મળીને અનુભવજન્ય શિક્ષણને અપનાવીએ. ચાલો આપણે વર્ગખંડોને એવા જીવંત સ્થળો બનાવીએ જ્યાં બાળકો પ્રશ્નો પૂછી શકે, પ્રયોગ કરી શકે, ભૂલો કરી શકે અને તેમાંથી શીખી શકે.

જેમ એરિસ્ટોટલે સદીઓ પહેલાં કહ્યું, આપણે સ્વ-કાર્યાનુભવથી જ શીખીએ છીએ. આ શાશ્વત સત્યને આપણા શૈક્ષણિક વ્યવહારમાં અમલમાં મૂકવાનો આ યોગ્ય સમય છે.

અનુભવજન્ય શિક્ષણ એ માત્ર એક શૈક્ષણિક પદ્ધતિ નથી - તે એક દર્શન છે, એક પ્રતિબદ્ધતા છે જેમાં વધુ સારા ભવિષ્ય માટે, દરેક બાળક પોતાની સંપૂર્ણ ક્ષમતા સિદ્ધ કરી શકે.

# ગુરૂકુળ – શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન
# સ્વાતંત્ર્યોત્તર ભારતમાં શિક્ષણનીતિ

**લેખાંક–4 : સંપૂર્ણ જીવન, વડોદરા**

**ભૂમિકા :**

"શ્રી સારસ્વત" સામયિકના ગતાંક ઑકટોબર-નવેમ્બર ૨૦૨૫માં ગુરુકુળ વ્યવસ્થાના ઇતિહાસ અંગે ચર્ચા કરી ગયા. પ્રાચીન ભારતના ગુરુકુળોની વિશેષતા હતી...

૧. ભૌતિકવિદ્યા અને અધ્યાત્મવિદ્યાનો અનુબંધ.

૨. નિવાસી શિક્ષણ.

૩. શિક્ષણમાં સ્વાયત્તતા.

૪. ઉચ્ચશિક્ષણ માટે તક્ષશીલા અને નાલંદા જેવા વિશ્વવિદ્યાલયોની વ્યવસ્થા.

ભારતમાં વિદેશી આક્રમણો પછી ગુરુકુળોને રાજયાશ્રય આપવાનું ઓછું થતું ગયું અને બ્રિટીશ સલ્તનતના આગમન પછી ગુરુકુળ વ્યવસ્થાનો અંત આવ્યો.

**અંગ્રેજી ભાષા અને માનસ આધારિત એકાંગી શિક્ષણ :**

૧૮૩૪માં ઇંગ્લૅન્ડની સરકારે ભારતમાં સુપ્રિમ કાઉન્સિલના સભ્ય તરીકે ઇંગ્લૅન્ડના સાંસદ, વકીલ લોર્ડ મેકોલે (૧૮૦૦ થી ૧૮૫૯)ની નિમણૂંક કરી. તેણે ગુરુકુળ વ્યવસ્થાની ભારતીય સમાજ પરની વિધાયક અસરોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. તેના તારણરૂપે તેણે ફેબ્રુઆરી ૧૮૩૫માં 'ભારતમાં શિક્ષણ વ્યવસ્થા' પર પોતાની સવિસ્તર નોંધ સરકાર સમક્ષ પ્રસ્તુત કરી. જેના પ્રમુખ મુદ્દાઓ હતા...

૧. ભારતમાં અંગ્રેજોના સંસ્થાનવાદને મજબૂત કરવા માટે આવશ્યક છે શિક્ષણનું માધ્યમ અંગ્રેજી ભાષા.

૨. અત્યારે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનું માધ્યમ સંસ્કૃત અને પર્શિયન ભાષા છે તે દૂર કરીને તમામ સ્તરે અંગ્રેજી ભાષાને સ્થાન આપવું.

૩. પ્રવર્તમાન તમામ શિક્ષકોને અંગ્રેજી ભાષાનું જ્ઞાન આપવું.

૪. ભૌતિકવિદ્યાઓના વિસ્તૃત અભ્યાસ માટે જરૂરી તમામ સાહિત્ય અંગ્રેજી ભાષામાં જ ઉપલબ્ધ છે.

૫. અભ્યાસક્રમમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ આધારિત વિષયોને મહત્ત્વ આપવું.

૬. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરેલા ભારતીયો સ્થાનિક પ્રજા અને અંગ્રેજો વચ્ચે સંકલન સાધવામાં સહાયરૂપ થશે. એટલું જ નહીં તેઓ આગળ જતાં રૂપ રંગની દૃષ્ટિએ ભલે ભારતીય રહે પણ તેમના મંતવ્યો, મૂલ્યો અને બુદ્ધિમત્તા અંગ્રેજ સલ્તનતની વિચારસરણીને અનુરૂપ રહેશે.

મેકોલેએ ૧૮૩૮માં ભારતમાંથી વિદાય લીધી. તે દરમિયાન ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિકે ૧૮૩૫માં અમલમાં લાવેલા ભારતીય શિક્ષણ કાયદામાં શૈક્ષણિક સંસ્થાઓમાં અંગ્રેજી ભાષાને માધ્યમ તરીકે દાખલ કરવાની દરખાસ્ત કરી. ૧૮૩૭થી દેશની અદાલતોના તમામ વ્યવહાર અંગ્રેજી ભાષામાં કરવા માટે નિર્ણય થયો. ૧૮૫૪માં સર ચાર્લ્સ વુડે કરેલી શિક્ષણ વિષયક ભલામણોના આધારે ૧૮૫૭માં કલકત્તા, મુંબઈ અને મદ્રાસમાં ત્રણ વિશ્વવિદ્યાલયોની સ્થાપના કરવામાં આવી.

**સ્વાતંત્ર્યોત્તર ભારતમાં શિક્ષણનીતિ :**

૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના આપણે સ્વતંત્ર થયા. ભારત સરકારે ૧૯૪૮-૪૯માં ઉચ્ચશિક્ષણ પ્રણાલીનું ધ્યેય, મૂલ્યાંકન અને આવશ્યક સુધારાઓ સૂચવવા માટે કેળવણીકાર ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના અધ્યક્ષપદે શિક્ષણપંચની રચના કરી. આ પંચે ૧૯૫૦માં ભલામણ કરી કે શિક્ષણનો ઉદ્દેશ્ય માત્ર જીવનને સફળ બનાવનાર કૌશલ્યો ખીલવવાનો જ નથી પણ મનુષ્યને ચારિત્ર્યવાન, આત્મવિશ્વાસુ અને સર્જનાત્મક બનાવવાનો છે. તેની વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ કરવાનું છે. આધુનિક ભૌતિક શિક્ષણના પિતામહ જહોન પેસ્ટોલોજી (૧૭૭૪ થી ૧૮૨૭) એ શિક્ષણની જે સંકલ્પના વ્યકત કરી હતી કે શિક્ષણ એ ત્રણ 'એચ' હેડ, હાર્ટ એન્ડ હેન્ડ : મસ્તિષ્ક, હૃદય અને હાથ, એટલે કે બુદ્ધિ, સંવેદના અને પ્રત્યક્ષકાર્યના સમન્વયની કેળવણી છે. તેને રાધાકૃષ્ણપંચે સમર્થન આપ્યું હતું.

**કોઠારી કમિશન :**

ભારત સરકારે ૧૯૫૦થી આજ સુધી અનેક શિક્ષણપંચોની રચના કરી છે. જે પૈકી અહીં મહત્ત્વના બે પંચની સમીક્ષા કરીએ. ૧૯૬૪માં નીમેલાં કોઠારી કમિશનના આધારે અમલમાં આવેલી શૈક્ષણિકનીતિ (૧૯૬૮) નીચે પ્રમાણે છે.

૧. શિક્ષણનું માળખું ૧૦ + ૨ + ૩. પૂર્વપ્રાથમિક પછી ૧ થી ૭ ધોરણ પ્રાથમિક, ૮ થી ૧૦ માધ્યમિક, ૨ વર્ષ ઉચ્ચતર માધ્યમિક અને ૩ વર્ષ ઉચ્ચશિક્ષણ.

૨. શિક્ષણમાં વ્યવસાયીકરણને વિશેષ મહત્ત્વ આપવું.

૩. દરેક તબક્કે પ્રત્યક્ષ કાર્યાનુભવ પર ભાર મૂકવો.

૪. સામાજિક, રાષ્ટ્રીય સેવા માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી.

૫. અભ્યાસક્રમમાં દરેક તબક્કે નૈતિક, સામાજિક, આધ્યાત્મિક મૂલ્યો અને વિવિધ ધર્મોના સિદ્ધાંતોને સ્થાન આપવું.

## નવી શિક્ષણનીતિ ૨૦૨૦ :

**મહત્ત્વના પાસાંઓ** :

૧. જ્ઞાન, પ્રજ્ઞા અને સત્ય આધારિત શિક્ષણ પ્રણાલી.

૨. પ્રાચીન ભારતના જ્ઞાનનું આધુનિક ભારતમાં યોગદાન અને તેની સાર્થકતા.

૩. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં, ભારતના સમૃદ્ધ, વૈવિધ્યસભર, સનાતન અને આધુનિક સંસ્કૃતિ, જ્ઞાન, રીત-રિવાજો અને પરંપરાઓ પ્રત્યે આદર અને ગર્વની લાગણી વિકસાવવી.

૪. શિક્ષણ વ્યવસ્થાના પાયામાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યો હોય. ભારતને વિશ્વની જ્ઞાન આધારિત મહાશકિત બનાવીને દેશને જીવંત અને ન્યાયી સમાજમાં પરિવર્તિત કરવામાં પ્રદાન કરવું.

૫. વિદ્યાર્થીઓમાં ભારતીય હોવાની ઊંડા ગૌરવની ભાવના માત્ર વિચારોમાં જ નહીં પરંતુ મન, વચન અને કર્મમાં તે લાગણી આત્મસાત્ થાય તે પ્રકારના મૂલ્યો અને મનોવલણોનો વિકાસ કરવો જેથી તે માનવ અધિકારો, સાતત્યપૂર્ણ વિકાસ અને વિશ્વબંધુત્વ જેવા સંવેદનશીલ મુદ્દાઓ પ્રત્યે પ્રતિબદ્ધતા કેળવે.

૬. અભ્યાસક્રમના દરેક વિષયમાં સનાતન સંસ્કૃતિએ શીખેલાં મલ્યો : સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, સત્ય, અહિંસા, શાંતિ સ્નેહ, સેવા, નમ્રતા અને સહાનુભૂતિ વગેરેને કેન્દ્રમાં રાખતાં મુદ્દાઓને સ્થાન આપવું.

૭. શિક્ષણનું માધ્યમ પ્રાદેશિક ભાષા રાખવું. તેની સાથે સંસ્કૃતને મહત્ત્વ આપવું.

૮. ઉચ્ચશિક્ષણમાં વિદ્યાશાખાઓનું ચુસ્ત વિભાજન ન રાખવું. જેને બદલે બહુવિદ્યાકીય શાખાનો અભિગમનો અમલ કરવો. ઉદા. તરીકે વિજ્ઞાન શાખાના વિદ્યાર્થી રસ-રુચિ પ્રમાણે સમાજશાસ્ત્રનો અભ્યાસ પણ કરી શકે તેવી જોગવાઈ હોય.

૯. ઉચ્ચશિક્ષણની દરેક વિદ્યાશાખામાં તમામ વિદ્યાર્થીઓને ભારતીય જ્ઞાનઃ અધ્યાત્મ, વેદ, ઉપનિષદ, ગીતાજી જેવા શાસ્ત્રો, ગ્રંથો આધારિત શિક્ષણ આપવું.

**સમાપન** :

આપણે જયારે આ લેખમાળામાં ગુરુકુળ વ્યવસ્થાના પુનરુત્થાનની ચર્ચા કરી રહયા છીએ ત્યારે તેના અમલીકરણમાં નવી શિક્ષણનીતિ કઈ રીતે સહાયરૂપ થઈ શકશે તેની ચર્ચા આગામી અંકમાં કરીશું. (ક્રમશઃ)

મોબાઈલ નં. 9426461090

# ૫૪મું શૈક્ષણિક અધિવેશનની તસ્વીરી ઝલક...














# ૫૪મું શૈક્ષણિક અધિવેશનની તસ્વીરી ઝલક...













# ૫૪મું શૈક્ષણિક અધિવેશનની તસ્વીરી ઝલક...









# ૫૪મું શૈક્ષણિક અધિવેશનની તસ્વીરી ઝલક...















આચાર્ય સજ્જતા

# કેલેન્ડરનો આખરી માસ, વર્ષ 2025ની તપાસ

**મહેશભાઈ શર્મા**
પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી
(મો.) 9909970267

જોતજોતામાં આખું વરસ પસાર થઈ ચાલ્યું. આ અંક તમારી પાસે આવશે ત્યારે વર્ષ ‘‘૨૦૨૫’’ તેની અંતિમ ઘડીઓ ગણી રહ્યું હશે. લગભગ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના તમામ વિષયનો ૮૦% જેટલો કોર્સ આપની શાળામાં શિક્ષકશ્રીઓએ ચલાવી દીધેલ હશે. આ માસની મિટીંગમાં આપ ઘણું બધું વિતેલા સમયના શૈક્ષણિક આયોજનનું વિહંગાવલોક્ન કરી લેશો. ખાસ કરીને જે તે વિષયના શિક્ષકની ગેરહાજરી કે પછી શિક્ષક ‘‘ન’’ હોવાના કારણે કોર્સ ઘણો બધો બાકી રહી ગયો હોય તો, તેને ટોચ અગ્રતા આપી પૂર્ણ કરવાનું રહે છે.

વળી, ખાસ કરીને જાહેર પરીક્ષા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થી ભાઈ-બહેનોના પરીક્ષા ફોર્મ ભરાઈ ચૂક્યા હશે. પરીક્ષાનો કાર્યક્રમ પણ આવી ગયેલ હશે. એટલે ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થી ભાઈ-બહેનોને, જેમ રેલવેમાં કન્ફર્મ ટીકીટ લેવી હોય તો બે મહિના પહેલાં જાગવું પડે છે. ચેતવું પડે છે. નહિતર આર.એ.સી.માં નંબર આવે, એટલા માટે પરીક્ષાના ફોર્મ ભરેલા વિષયો અનુસાર વિષયોનો કોર્સ કેટલો બાકી છે? હવે કેટલા સમયમાં તેને પૂર્ણ કરવાનો રહે છે.? તેનું સંપૂર્ણ માર્ગદર્શન શાળા એક્મના વડા મારા આચાર્યશ્રી શિરે રહે છે. ખૂબ જ આંતરિક સૂઝ-બૂઝથી વહીવટી સ્ટાફને સાથે રાખી બોર્ડની પરીક્ષાના ફોર્મનું કન્ફર્મ કરી લેવું. ત્યારબાદ ધો-૧૦ અને ધો-૧૨ના વિષયવાર શિક્ષકો સાથે ફેઈસ ટુ ફેઈસ બેઠક કરી પરામર્શ કરી લેવો. પરામર્શ કર્યા બાદ તેનું અમલીકરણ કેવી રીતે કરવું ! તેનો ‘‘રોડમેપ’’ તૈયાર કરી દેવો. મક્કમતાથી તેજ ગતિએ આગળ વધવાનું રહેશે. જો વધારે વર્ગો અને સંખ્યા હોય તો સુપરવાઈઝરશ્રીની નિમણૂંક કરી તેમને જવાબદારી સોંપવી જવાબદેહી આપની પર છે. પરંતુ આખરે આપણે સહુ શાળા પરિવારજનો છીએ. આપણા કેન્દ્રમાં વિદ્યાર્થી છે. એટલે સકુશળતાથી આ બાબતને પ્રાધાન્ય આપી આગળ વધવું. આખરે શાળાની શાખ શાળાના પરિણામ પર જ ટકેલી હોય છે.

પ્રાયોગિક પરીક્ષા બાબતે પણ ચર્ચા વિદ્યાર્થી, વાલી, સમાજ અને સરકારી તંત્ર પણ ધો-૧૦ અને ધો-૧૨ની પરીક્ષાના પરિણામ ઉપર ટાંપીને બેઠા હોય છે. જેથી જાહેર પરીક્ષાના પરિણામ સુધારણા લાવવાના શક્ય એટલા મહત્તમ મહેનતકશ પ્રયાસો આદરવા પડશે.

ડિસેમ્બર-જાન્યુઆરી માસમાં ઘણી શાળાઓ શૈક્ષણિક પ્રવાસ, પિકનીક અને સ્પર્ધાઓનું આયોજન કરતાં હોય છે. આ બાબતે પણ નિયમોનુસાર શૈક્ષણિક પ્રવાસ, પિક્નીક કે ટુરના આયોજન બાબતે ઝીણવટભરી કાળજી લઈ આગળ વધવું. લગ્નપ્રસંગો કે નાતાલ, જેવા તહેવારો પણ આવતા રહેશે. તેને પણ ધ્યાનમાં રાખવા જોઈએ. આ દિવસો પણ આયોજનમાં લેશો.

કેલેન્ડરના આખરી માસમાં ''રાત ઓછી અને વેષ ઝાઝા'' જેવો ઘાટ નીપજશે એટલે અત્યંત કાળજીપૂર્વક શાળાના ધ્યેયને હાંસલ કરવા વર્ષ ''૨૦૨૫''ના અંતિમ માસ મહિમા ખાસ સમજશો.

કાચું સરવૈયું આયોજનનું તૈયાર થઈ જાય પછી સડસડાટ અમલીકરણના સરવૈયા તરફ મીટ માંડી શકશો.

વર્ષ-૨૦૨૬ના વધામણાં માટે કોઈ મુશ્કેલી નહિ પડે અને જાગ્યા ત્યારથી સવાર માની મંડી પડશો.

# पढ़ाई का विज्ञान-११

– પ્રાંજલભાઈ જોષી
C.A., પુના.
ડાયરેક્ટર, D.S.P.P.L.

हाल ही में "साइंस ऑफ लर्निंग" पर पार्ले तिलक स्कूल, विले पार्ले (मुंबई) में आयोजित एक सत्र में, जहाँ 10वीं के 200 छात्र उपस्थित थे, हमने पढ़ाई, परीक्षा, करियर और जीवन में उत्कृष्टता प्राप्त करने के समग्र पहलुओं से जुड़े कुछ मौलिक प्रश्नों पर चर्चा की। हर व्यक्ति को अपने भीतर जो सर्वोत्तम है, वह देना चाहिए ताकि उसे सर्वोत्तम प्राप्त हो सके। हर व्यक्ति कुछ विशेष गुणों के साथ आता है और स्कूल, शिक्षक, माता-पिता तथा हमारे आसपास के सभी लोग, हमें कुछ कार्यों और गतिविधियों के माध्यम से हमारे भीतर छिपी क्षमताओं को खोजने में मदद करते हैं। यही तो स्कूल का मूल उद्देश्य है, स्वयं को खोज पाना, अपने गुणों को पहचानना और फिर चुने हुए क्षेत्र में उत्कृष्टता प्राप्त करना।

ये सभी 200 छात्र पिछले फ़रवरी में आयोजित हमारे पहले 'साइंस ऑफ लर्निंग' सत्र में शामिल हुए थे, इसलिए यह एक उन्नत सत्र था। हमने पिछली चर्चा का पुनरावलोकन किया और फिर प्रश्न–उत्तर प्रारूप में आगे बढ़े।

हमारे द्वारा चर्चा किए गए सात प्रश्न इस प्रकार थे -

आपकी राय में -

**प्र. 1** परीक्षा की तैयारी की योजना बनाते समय सबसे महत्वपूर्ण पहलू कौन-सा है ?

**प्र. 2** हमारे जीवन में कुछ भी सीखने के लिए हम सबके पास कौन-सा एक साधन उपलब्ध है ?

**प्र. 3** कुछ भी सीखने या उत्कृष्टता प्राप्त करने के पथ में सबसे बड़ा अवरोध क्या है ?

**प्र. 4** ऐसा कौन-सा मूलभूत अभ्यास है जो हम सभी के पास उपलब्ध है, जो एकाग्रता प्राप्त करने और भय को दूर करने में सहायता करता है ?

**प्र. 5** जब शिक्षक या माता-पिता हमें "ध्यान दो" या "कन्सन्ट्रेट करो" कहते हैं, तो वास्तव में हमें क्या करना चाहिए ?

**प्र. 6** एकाग्रता प्राप्त करने के लिए हमें क्या करना चाहिए ?

**प्र. 7** हमारे जीवन की सभी परीक्षाओं, पढ़ाई, करियर और हर चीज़ का केंद्र बिंदु कौन है ?

शुरुआत में चर्चा "बाहरी" पहलुओं पर केंद्रित थी, लेकिन कुछ मार्गदर्शक उप-प्रश्नों के माध्यम से छात्र जल्दी ही समझ गए कि इनका संबंध बाहरी नहीं बल्कि आंतरिक पहलुओं से है। हमने कुछ अभ्यास भी किए, जैसे एक मिनट

के लिए आँखें बंद करके अपने विचारों की गिनती करना, आँखें बंद करके अपनी साँसों को देखना, और फिर इसका हम पर क्या प्रभाव पड़ता है तथा ऐसी गतिविधियों से क्या निष्कर्ष निकाले जा सकते हैं।

सच कहूँ तो, इन छात्रों के साथ की गई चर्चाएँ और अभ्यास मेरे लिए भी एक समृद्ध अनुभव थे। छात्रों की भागीदारी के दौरान मुझे स्वयं कई नई बातें सीखने को मिलीं।

सत्र के दौरान ही हमने इन प्रश्नों के उत्तर निम्नानुसार निष्कर्षित किए -

**उत्तर-1** परीक्षा की तैयारी की योजना में समय प्रबंधन सबसे महत्वपूर्ण पहलू है। यदि समय का सही नियोजन कर लिया जाए, तो बाकी सारी चीज़ें अपने-आप व्यवस्थित हो जाती हैं।

**उत्तर-2** जीवन में कुछ भी सीखने में हमारी सहायता करने वाला सबसे बड़ा साधन है - हमारा अपना "मन"। रेकी से जुड़े लोग यह भली-भाँति जानते हैं कि वास्तविक परिवर्तन मन में ही होता है। सिखाना और सीखना दोनों यहीं घटित होते हैं।

**उत्तर-3** शुरुआत में छात्रों ने जवाब दिया कि सबसे बड़ा अवरोध आलस या जड़ता है। परंतु गहरी चर्चा के बाद सबने यह माना कि सबसे बड़ा अवरोध भी "मन" ही है। बाहरी Distractions सिर्फ़ छोटे जाल हैं, लेकिन एक कमजोर या उलझा हुआ मन ही उनसे प्रभावित होता है।

**उत्तर-4** उत्तर है - सांस और उसकी जागरूकता। यह सबसे सरल और सबसे सुलभ अभ्यास है। "सांस पर ध्यान" वाले अभ्यास से छात्र इसे तुरंत समझ सके।

**उत्तर-5** जब शिक्षक या माता-पिता कहते हैं "कन्सन्ट्रेट करो" या "ध्यान दो", तो वास्तव में वे हमें ध्यान (Meditate) करने को कहते हैं - उस बात पर, उस बिंदु पर जो उस समय कक्षा में पढ़ाया जा रहा है।

**उत्तर-6** एकाग्रता का अर्थ है - अपने मन को उस विषय के प्रति जागरूक करना जिसे अभी पढ़ाया जा रहा है। यानी मन की शक्ति का उपयोग करके बाकी सभी विचारों को हटाकर सिर्फ़ एक विचार को बनाए रखना, जो वर्तमान विषय से जुड़ा है।

**उत्तर-7** उत्तर बिल्कुल स्पष्ट था - छात्रों ने कहा, "मैं" ही मेरे जीवन की सभी परीक्षाओं, पढ़ाई, करियर और हर चीज़ का केंद्र हूँ।

इसके बाद चर्चा ने एक दिलचस्प मोड़ लिया - "मैं कौन हूँ ?" इस पर बातचीत शुरू हुई।

यह संभवतः वह प्रश्न है जिसकी खोज हर व्यक्ति को करनी चाहिए। यहीं से सीखने की वास्तविक प्रक्रिया प्रारंभ होती है।

# વિશેષ વાલીસભા

**- દિનેશ માંકડ (9427960979)**

સામાન્ય રીતે દરેક શાળા - આચાર્યશ્રી વર્ષમાં આવશ્યકતા અનુસાર વાલી સભા {PTM} બોલાવતા જ હોય છે. પણ આ સમય એવો છે કે જયારે વાલી સંપર્ક વિશેષ અગત્યનો હોય છે. સંતાનની અભ્યાસ પ્રગતિ, વગેરે જાણવા વાલી ઉત્સુક તો હોય સાથે સાથે તેના ભવિષ્યની ચિંતા પણ હોય. પણ એથી વિશેષ કારણ એ કે આપણે વાલીને યોગ્ય સમયે તેમના સંતાનની વિગતોથી જ્ઞાત કરીએ. પછી તે હકારાત્મક હોય કે નકારાત્મક.

આવી વિશેષ વાલી સભાનો આદર્શ સમય જાન્યુઆરી ગણાય કે મકે વાલી પાસે પોતાના સંતાન વિષે જાગૃત થવા માટે થોડો સમય રહે. શાળા પાસે તો વિદ્યાર્થી અહેવાલ સતત હોય જ પણ વ્યસ્ત - દરેક વાલી તેનાથી દરેક વખતે અવગત ન પણ હોય. પછી વર્ષાન્તે પોતાના સંતાનનું પરિણામ જોઈને અણસમજુ વાલી શાળા વિષે ખોટા અભિપ્રાય બાંધે અને જેની સમાજમાં અવળી અસર શાળાની પ્રગતિ પર પડે.

આપણે સહુ સમજીએ છીએ કે વિદ્યાર્થીની શિક્ષણ કારકિર્દીની આશરે 70 ટકા જવાબદારી આપણી-શાળાની છે પણ 30 ટકા તો વાલીની જ છે. સોંપેલું ગૃહકાર્ય-સ્વાધ્યાય ઘેર નિયમિત કરવું. અધુરાશ અને નહિ સમજાયેલાનું પુનરાવર્તન અને અનુકાર્ય પણ ઘેર કરવું... વગેરે વિદ્યાર્થીની ઘેર બજાવવાની ફરજમાં આવે છે.

એમાં પણ વર્તમાન સમયમાં ઘરમાં ઘૂસી ગયેલો સમયદેવતાનો શત્રુ વધારે જોખમી છે. મોબાઈલ અને ટેલિવિઝનથી બગડતા મૂલ્યવાન સમયની વિદ્યાર્થીના અભ્યાસ પર કેટલી માઠી અસર પડે છે તે વાલીને તો પરિણામ વખતે જ પડે. આ વાત એટલી તો ગંભીર છે કે મોટી વ્યક્તિને કોઈ મોટું વ્યસન છોડાવવામાં તકલીફ પડે તેનાથી વધુ તકલીફ બાળકને મોબાઈલ-ટેલિવિઝનની ટેવ છોડાવવામાં પડે છે. કેટલીક શાળાઓ તો આના માટે "વળગણ છોડાવ અભિયાન" - De-adictation ના ભાગરૂપે માત્ર એના માટે અલગ વળી વાલી સભા પણ બોલાવે છે, વાલીઓના-વિદ્યાર્થીના પ્રતિજ્ઞાપત્ર ભરાવે છે.

વિશેષ વાલી સભા માત્ર અભ્યાસ કે પરિણામના હેતુસર હોતી નથી. વિદ્યાર્થીના સર્વગ્રાહી પાસાંની ચર્ચા માટે પણ હોય છે. આપણે સહુ જાણીએ છીએ કે પ્રત્યેક વિદ્યાર્થીઓની અનેકવિધ ઓળખ આપણી સામે હોય છે. કોઈની શિસ્ત સંદર્ભે, તો કોઈની, સાહિત્ય, સંગીત, નાટક, નૃત્ય, ચિત્ર જેવી કલાની પરખના આધારે હોય, તો કોઈમાં નેતાગીરીના કે અન્ય ગુણ હોય. વાલીસભામાં આ બધા પાસાંની ચર્ચા

હોય. આમાંના ઘણા પાસાં સકારાત્મક હોય તેવા વાલીઓને તેના સંતાન માટે પ્રોત્સાહિત કરી શકાય અને જો કોઈના નકારાત્મક પાસાં હોય તો વાલીઓનું સમયસર ધ્યાન પણ દોરી શકાય.

કેટલીયે વાર આપણી આંગળી ચીંધ્યાનું પુણ્ય આપણને અનાયાસે મળી જાય અને ભવિષ્યમાં આપણી જ શાળાનું ગૌરવ વધારવાનું શ્રેય શાળાને અને આપણને જાય. આવા અનેક દાખલા આપણામાંના દરેક આચાર્યશ્રી પાસે હશે જ. વાલી સભામાં આવું દિશા દર્શન ચોક્કસપણે વિકસાવવા જેવું છેય કોઈ નકારાત્મક આદતોવાળા વિદ્યાર્થીના વાલીનું સમયસર ગંભીરતાપૂર્વક ધ્યાન દોર્યું હોય તો કદાચ આવતીકાલે વાલી સમાજમાં એક ઓછો ગુનેગાર ઉમેરાય.

આ સમયની વિશેષ વાલી સભાનું વિશેષ કારણ એ પણ છે કે આપણી શાળા ની આવતીકાલ પણ જોવાની છે. જે છાપ વાલીઓ લઈને જશે તેના પરિણામ સ્વરૂપ આપણા આવતા વર્ષના પ્રવેશ થશે. એટલું જ નહિ પણ ઘણી વખત તો આ વાલીસભાના કોઈ વાલીઓએ કરેલાં વિશેષ સૂચનો પણ આપણી આવતીકાલ માટે કદાચ વિશેષ ઉપયોગી હોઈ પણ શકે.

અલબત્ત, કેટલીક શાળા કે વાલીઓની એક ફરિયાદ હોય છે કે વાલીસભામાં વાલીઓ ઓછા ઉપસ્થિત રહે છે. અહીં એક વાત કહેવાનું મન થાય કે વળી છે તો શાળા છે. એવી ભૂમિકા મનમાં રાખીને જ શાળા વલણ હોય તે જરૂરી છે. એટલે મોટાભાગના વાલી વાળીને અનુકૂળ હોય તે રીતે જ આવી વિશેષ સભા બોલાવાય.

એક સંભાવના એવી પણ શક્ય બને કે ખાસ કરીને શાળાના વાર્ષિક કાર્યક્રમની આગળના સમયે એટલે એક જ સમયે ગોઠવાય. શાળાના મોટા ભાગના બાળકોને પોતાની કલા અભિવ્યક્તિની તક મળે તેવા કાર્યક્રમોના આયોજન કરીને “એક પંથ દો કાજ”નું આયોજન કરાય. વર્ગ સંખ્યા વધારે હોય વર્ગવાર કે પછી એકથી વધારે કાર્યક્રમ કરીને ગોઠવી શકાય.

ટૂંકમાં, આ વિશેષ વાલી સભા એ સાચા અર્થમાં વિશેષ બની રહે તેવું આયોજન શાળાની આવશ્યકતા છે. શાળા નાની હોય કે મોટી મુક્ત અને સમૃદ્ધ વાલી સભા શાળાંના હિતમાં અને વાલીના હિતમાં પણ છે અને તે કરીએ જ.

અને હવે તો કોરોના કાળે શીખ્યું છે એટલે ઓનલાઇન વાલી સભા કે વાલી સંપર્ક પણ વધુ બન્યો છે. એટલે પણ સરળ બન્યું જ છે. આપણી જાગૃતિથી વાલી જાગૃતિની સફર શાળા, વિદ્યાર્થી અને વાલી – સહુના હિતમાં છે.

**"જે દિવસે વિદ્યાર્થીઓના શિક્ષકો વાલી બનશે અને વાલીઓ શિક્ષકો બનશે,**
**તે દિવસે શિક્ષણમાં નવો સૂરજ ઊગશે."**

# શિક્ષણનો સૂર્યોદય હવે ક્યાંથી થશે ?

**- જી. એસ. દેધરોટીયા,** પાટણ
પૂર્વ આચાર્ય, ઈલોલ હાઈસ્કૂલ, ઈલોલ.
જિ. સાબરકાંઠા. (મો.) 9427779606

શિક્ષણનો મૂળ તત્ત્વ એક જ છે –

**"માનવને માનવ બનાવવાનો પ્રયોગ."**

શાળાઓ ઈમારતો છે, અભ્યાસક્રમો કાગળ છે, પરીક્ષાઓ પદ્ધતિ છે;

પરંતુ શિક્ષણ - અનુભવો, લાગણીઓ, મૂલ્યો અને જીવનદ્રષ્ટિનું વિસ્તરણ છે.

આજના સમયમાં શિક્ષણની સૌથી મોટી સમસ્યા એ નથી કે શાળાઓમાં અભ્યાસ ઓછો થાય છે; સમસ્યા એ છે કે વહાલ ઓછો થયો છે.

શિક્ષકો શિક્ષણ આપવા માગે છે, વાલીઓ પ્રમાણપત્ર માગે છે, અને વિદ્યાર્થીઓને બંનેમાંથી સંવાદની જગ્યાએ દબાણ વધુ મળે છે.

પરિણામે શિક્ષણનો પ્રકાશ ઝાંખો થઈ ગયો છે, અને દરેક પાસે પોતાની-પોતાની ફરિયાદો છે.

પરંતુ પ્રશ્ન છે –

શું ખરેખર શિક્ષણમાં બદલાવ માત્ર સરકારો, નિતીઓ અથવા ટેકનોલોજી લાવી શકે ?

ના.

શિક્ષણમાં અસલ પરિવર્તન ત્યારે જ આવશે–

જ્યારે શિક્ષણનું ત્રિપુટીકિ બંધારણ – વિદ્યાર્થી, વાલી અને શિક્ષક – એકબીજાની ભૂમિકાઓને સમજશે, સ્વીકારશે અને પરસ્પર ગ્રહણ કરશે.

"જે દિવસે વિદ્યાર્થીઓના શિક્ષકો વાલી બનશે અને વાલીઓ શિક્ષકો બનશે –

તે દિવસે શિક્ષણમાં નવો સૂરજ ઉગશે . આ વાક્ય માત્ર વિચાર નથી–એક ક્રાંતિ છે.

એક એવી ક્રાંતિ, જે પત્રકારની હેડલાઇન નહીં બનાવે પરંતુ બાળકોના જીવનની રેખા બદલી નાખશે.

**ભાગ-૧ : શિક્ષણનું ત્રિકોણ – વિદ્યાર્થી, વાલી અને શિક્ષક**

**૧. વિદ્યાર્થી :** જ્ઞાનનો વહેણ, પરંતુ દબાણનો વહનહાર

વિદ્યાર્થી એટલે શું?

એક ખાલી માટીનો કળશ નહીં, એક ઉકળતા પ્રશ્નોનો મૂલાયો નહીં, એક ઉત્સુક નજર પણ નહીં– વિદ્યાર્થી એટલે વરસાદમાં તરબતર થતું નવું પાન, જે પર દરેક ટીપું અસર કરે છે અને તેની ભવિષ્યની રંગત નક્કી કરે છે. વિદ્યાર્થી પાસે સ્વપ્નો હોય છે, પણ વાલીઓ પાસે અપેક્ષા અને શિક્ષકો પાસે જવાબદારી. અને ઘણીવાર સ્વપ્ન - અપેક્ષા - જવાબદારી. અહીંથી ગૂંચવણ શરૂ થાય છે.

**૨. વાલી :** બાળકના જીવનનો પ્રથમ અને છેલ્લો શિક્ષક

વાલી શિક્ષક નથી એવું કોણ કહે છે?

બાળક “મા” બોલવાનું શીખે છે, તે પણ શાળામાં નહીં—ઘરમાં. મૂલ્યો, સંસ્કાર, આદર, નમ્રતા, ધીરજ, સખત મહેનત– શાળાઓ નહીં, ઘરો શીખવે છે. વાલીઓ શિક્ષણ પ્રણાલીની રીડ છે, પરંતુ... આજે વાલીઓ શિક્ષક બની રહ્યા છે?

ના. વાલીઓ બે ભૂમિકામાં ફસાઈ ગયા છે — એકમાં કમાવાનું દબાણ. બીજામાં સમાજના તોલપાટિયું. પરિણામે—શિક્ષણ ઘરમાં ઉગતું નથી, તે માત્ર શાળામાં જ વાવેલું રહે છે.

**૩. શિક્ષક :** માર્ગદર્શક કે શિસ્તનો સેવક?

શિક્ષકનો અર્થ છે — માર્ગ બતાવનાર. પરંતુ આજે શિક્ષકો શું થઈ ગયા છે? રેકોર્ડ ભરનાર, ફાઇલ અપલોડ કરનાર, રિઝલ્ટનો રિપોર્ટ બનાવનાર.

શાળા એક કચેરી બની ગઈ છે, અને શિક્ષક—એક કર્મચારી. વિદ્યાર્થીઓને શિક્ષકની જરૂર છે, પરંતુ શિક્ષકોને સિસ્ટમના કામમાંથી સમય જ નથી.

**ભાગ-૨ : શું થશે જ્યારે વાલીઓ શિક્ષક અને શિક્ષકો વાલી બની જશે ?**

આ વિચાર માત્ર શબ્દોનો ખેલ નહીં—એક વિશાળ સામાજિક પરિવર્તન છે.

**૧. વાલી જ્યારે શિક્ષક બની જશે...**

(૧) ઘરમાં શિક્ષણનો સૂર્ય ઉગશે. બાળક દિવસના 24 કલાકમાંથી 6 કલાક શાળામાં હોય છે, બાકી 18 કલાક ઘરમાં. જો વાલી શિક્ષક બનશે– તો શિક્ષણ 6 થી 24 કલાક વિસ્તરણ પામશે.

(૨) બાળકોમાં જવાબદારીનો વિકાસ થશે. વાલી જાતે શીખવશે તો– બાળક શીખવાને અવગણશે નહીં. તેને સમજાશે કે શિક્ષણ માત્ર શાળામાં નહીં—જીવનભર ચાલે છે.

(૩) વાલી અને બાળકનો સંવાદ વધશે. આજે વાલીઓનું પ્રથમ પ્રશ્ન– “એ ગણિતમાં કેટલા

માર્ક્સ આવ્યા?" પણ શિક્ષક-વાલી વિનિમય પછી પ્રશ્ન થશે— "એમાથ્સ સમજી કે નહીં?" આ બદલાવ છે કે ક્રાંતિ? ક્રાંતિ.

(૪) વાલી બાળકોમાં મૂલ્ય, આદર અને શિસ્ત ઉભી કરશે કારણ કે મૂલ્યો શાળામાં નહીં—ઘરમાં શીખવાય છે.

**૨. શિક્ષક જ્યારે વાલી બની જશે...**

શિક્ષક વાલી જેવી દૃષ્ટિ અપનાવશે ત્યારે—શિક્ષણમાં માનવતા આવશે.

(૧) બાળકોને સમજવાનું કળા વિકસશે. વાલી તરીકે શિક્ષક સમજશે—બાળક માત્ર માર્ક્સનું મશીન નથી. તેની લાગણીઓ છે, ડર છે, તણાવ છે, સ્વપ્નો છે. શિક્ષક જ્યારે વાલી બને છે—તેની નજર બદલાય છે.

(૨) શિક્ષક બાળકોના જીવનમાં માત્ર વિષય નહીં, શ્રદ્ધા ભણાવશે. બાળકને "વિષય" શીખવવો એ શિક્ષણ નથી. તેને "વિચાર" શીખવવો એ શિક્ષણ છે. વાલી જેવી દૃષ્ટિ ધરાવતા શિક્ષક વિચારોનું પંખી બનાવે છે.

(૩) શિક્ષકનો પ્રેમ—બાળકના આત્મવિશ્વાસની જનની. શિક્ષક જ્યારે વાલી બને છે—બાળક ભૂલથી ડરતા નથી. તે "મારે સમજશે" એવા વિશ્વાસથી શીખે છે.

ભાગ-૩ : **વાલી–શિક્ષક–વિદ્યાર્થીનું સંયુક્ત ચક્ર**

જો આ ત્રણેય એકબીજાથી શીખવા તૈયાર થાય—તો શિક્ષણનું ચક્ર એકદમ મજબૂત બને છે.

(૧) વાલી → શિક્ષક પાસેથી શીખે છે - કેવી રીતે શીખવવું, શું શીખવવું, કેમ શીખવવું.

(૨) શિક્ષક → વાલી પાસેથી શીખે છે - બાળકનો સ્વભાવ, રસ, ક્ષમતા, મુશ્કેલીઓ.

(૩) વિદ્યાર્થી → બંને પાસેથી શીખે છે - જીવનનો સમતલ માર્ગ.

ભાગ-૪ : **આજે શિક્ષણ ક્યાં ખૂટે છે?**

**૧. પરિણામ આધારિત શિક્ષણ**

માર્કસ = સફળતા. આ દૃષ્ટિએ બાળકોને તોડી નાખ્યા છે.

**૨. વાલી-શિક્ષક વચ્ચેનો અંતર**

શાળામાં બેઠકનો ફોટો મોકલવો — એ વાતચીતનું સ્થાન નથી લેતું.

**૩. ટેકનોલોજીનો પ્રભાવ**

બાળક પાસે મોબાઈલ છે પણ માતા-પિતા પાસે સમય નથી.

**૪. શિક્ષકો પર બિનશૈક્ષણિક ભાર**

ક્યારેક તો શિક્ષક બાળકોને નહીં પરંતુ ફાઈલોને શીખવે છે.

**ભાગ-૫ : શું થશે જ્યારે આ પરિવર્તન આવશે?**

૧. બાળમનોવિજ્ઞાન સમજાશે. લાગણીઓનું ભારણ ઓછી થશે.

૨. ડિપ્રેશન, તણાવ, સ્પર્ધાની બિમારી ઘટશે.

૩. શાળાઓ મંદિર જેવી બની જશે. જ્ઞાન હશે, ભાવના હશે, માનવતા હશે.

૪. શિક્ષણ જીવન સાથે જોડાશે. પ્રયોગો વધશે, અનુભવ વધશે, સમજણ વધશે.

**ભાગ-૬ : વાલી અને શિક્ષકને કઈ રીતે એકબીજાની ભૂમિકા અપનાવવી?**

૧. દૈનિક ૨૦ મિનિટ “શૈક્ષણિક સંવાદ મુજબ.”

૨. વાલી સ્કૂલની બેઠકને પોતાની જવાબદારી તરીકે સ્વીકારશે.

૩. શિક્ષક બાળકની લાગણીઓ સમજીને વર્ગખંડ ચલાવશે.

૪. વાલી ઘરનું વાતાવરણ શાંત રાખશે.

૫. શિક્ષક બાળકોને પોતાના સંતાનો સમાન સ્નેહ આપશે.

નવા શિક્ષણનો નવો સૂરજ — સ્માર્ટ નહીં, હૃદયસભર. આ સૂર્યોદય એ દિવસ લાવશે—જ્યારે બાળકો ભણવા નહીં, સમજવા માટે શીખશે. વાલીઓ માટે શિક્ષણ—જવાબદારી નહીં, આનંદ બનશે. શિક્ષકો માટે શિક્ષણ—કર્મ નહીં, કર્તવ્ય બનશે. વિદ્યાર્થીઓ માટે શિક્ષણ—દબાણ નહીં, મોક્ષ બનશે.

તે દિવસે—શિક્ષણ ખુરશીઓનું નહીં, દિલોનું જોડાણ બનશે. પરીક્ષાઓ ડર નહીં, ઉજવણી બનશે. શાળાઓ અંગ્રેજી નહીં, પણ માનવતાનું ઘર બનશે.

અને એ જ દિવસે... શિક્ષણમાં એક નવો સૂરજ ઉગશે. એક એવો સૂરજ, જે જ્ઞાન સાથે ઉષ્મા પણ આપશે.

બદલાવ આજે જ શરૂ થઈ શકે છે. પરિવર્તન સરકાર નહીં લાવી શકે. પુસ્તકો નહીં લાવી શકે. ટેકનોલોજી નહીં લાવી શકે.

પરિવર્તન ત્યારે જ આવશે—જ્યારે વાલી અને શિક્ષક હાથ મિલાવશે અને બાળકની આસપાસ પ્રેમનું પરિસર બનાવશે.

એટલે, આજે આપણે નક્કી કરવું છે — વાલી બનીને શું હું શિક્ષકનો સહયોગ કરીશ? શિક્ષક બનીને શું હું વાલી જેવી કરુણા અંદર લાવીશ? અને વિદ્યાર્થી બનીને શું હું બંને પાસેથી શીખીશ?

એક વખત ત્રણેય હા કહેશે—તો ખરેખર... શિક્ષણમાં નવો સૂરજ ઉગશે.

# પરીક્ષા એક અવસર....

**– સહદેવસિંહ એસ. સોનગરા**
આચાર્યશ્રી, નીમા સંકુલ, નવદીપ વિદ્યાલય,
નવા વાડજ, અમદાવાદ.

આપણી શિક્ષણ પ્રણાલીમાં મૂલ્યાંકન પદ્ધતિ બાળકની સમજણ શક્તિનો વિકાસ કરવાને બદલે યાદશક્તિનું માપદંડ બનીને રહી ગયું છે. આખું વર્ષ ભણ્યા પછી માત્ર ત્રણ જ કલાકમાં વન-ડે મેચની જેમ રમી નાખવાનું. આવા સમયે ધો-૧૦ અને ૧૨માં બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની માનસિક સ્થિતિ કફોડી હોય છે. શાળા અને મા-બાપની અપેક્ષા પ્રમાણેનું પરિણામ લાવવા બાળકો તનતોડ મહેનત કરતા હોય છે. આખા પરિવારનું ધ્યાન બાળકની પરીક્ષામાં હોય છે. તો આવા સમયે બાળકોને પરીક્ષા નજીક આવે ત્યારે વિદાય-સમારંભની સાથે કંઈક મોટિવેશન આપીએ, કંઈક વિશેષ માર્ગદર્શન આપી શકીએ તેવા નમ્ર પ્રયત્નોના ભાગરૂપે અહી કેટલીક ટીપ્સ આપેલ છે.

આ ટીપ્સમાં પરીક્ષાની તારીખ, વાર, સમય અને વિષયને વારંવાર અન્ય સહાધ્યાયી વિદ્યાર્થીઓ સાથે ક્રોસ-ચેકિંગ કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે, કારણ કે આવી સામાન્ય ભૂલોને કારણે બાળકો પરીક્ષા ચૂકી જાય છે, અથવા એકને બદલે બીજા વિષયની તૈયારી કરીને પરીક્ષા કેન્દ્ર ઉપર પહોંચી જતા હોય ત્યારે હતાશ થઈ જતા હોય છે. આવું અનુભવે આપણે સૌએ જોયું છે. કેટલીવાર સામાન્ય લાગતી આપણી ટીપ્સ કોઈને મોટી મુશ્કેલીમાંથી બચાવી શકે છે. મુખ્યત્વે પરીક્ષાના થોડા દિવસ પહેલા, પરીક્ષાના દિવસે અને પરીક્ષા ખંડમાં પરીક્ષા દરમિયાન શું ધ્યાન રાખવું તે અંગે થોડી માહિતી અહીંયાં પ્રસ્તુત છે.

*** પરીક્ષા પૂર્વે...**

- પરીક્ષાના થોડા દિવસ પહેલાથી સ્વાસ્થ્યની કાળજી લેવી.
- ફેમિલી ડૉક્ટર પાસેથી સાવચેતી માટેની દવા લેવી.
- બહારનું ખાવાનું ટાળવું. / પાણી પણ સ્વચ્છ જ પીવાનો આગ્રહ રાખવો.
- દૂરના સ્થળે પ્રવાસ ટાળવો. / સામાજિક મેળાવડા ટાળવા.
- વાહન ચલાવવું નહીં.
- જેટલું તૈયાર કર્યું હોય તે જ વાંચ્યા કરવું. પોતે લખેલા પેપરો ઉપર નજર કરવી.
- ઊંઘ / આહાર નિયમિત કરવા સાત કલાક ઊંઘ લેવી.
- શાળામાંથી મળેલ પ્રવેશ-પત્રમાં નામનો સ્પેલિંગ / વિષયો / પરીક્ષાનું સમય-પત્રક / ફોટો / પરીક્ષા કેન્દ્ર બરાબર છે, તે ચકાસી લેવું... ભૂલ જણાય તો વાલી સાથે આચાર્યનો તાત્કાલિક સંપર્ક કરવો.

- પ્રવેશ-પત્રની બે-ચાર ઝેરોક્ષ કાઢી જુદી-જુદી જગ્યાએ મળે તેવી રીતે રાખવી.
- પ્રવેશ-પત્રનું લેમિનેશન કરાવવું નહીં.
- પરીક્ષાનું સમય-પત્રક મિત્રો / વિષય શિક્ષકો સાથે બરાબર ક્રોસ ચેક કરી લેવા.
- તારીખ / વાર / સમય / વિષય વારંવાર ચેક કરવા.-પ્રવેશ-પત્ર આગળ / પાછળ સંપૂર્ણ વાંચી લેવું.
- પરીક્ષામાં ચોંટાડવાના સફેદ ખાખી સ્ટીકર અંગે સંપૂર્ણ જાણકારી શાળામાંથી મેળવી લેવી.
- "How to write in Exam" તાલીમ શાળામાં વિષય શિક્ષક પાસેથી બરાબર લઈ લેવી.
- પ્રવેશ-પત્ર ઉપર પોતાનો કે વાલીનો ફોન નંબર લખી રાખવો, જેથી ક્યાંક પડી જાય તો સહેલાઈથી મળી જાય.
- બોર્ડની પરીક્ષા અગાઉ મળવા આવતા સ્નેહીજનો, સ્વજનો સાથે વધારે સમય વિતાવવો નહીં. માત્ર હકારાત્મક લોકોને મળવું. નકારાત્મકતાથી દૂર રહેવું.
- પરીક્ષા શરૂ થાય ત્યારે પ્રથમ પેપરના આગળના દિવસે સાંજે પરીક્ષા કેન્દ્ર ઉપર જઈ પોતાની બેઠક જોઈ આવવી. બોર્ડની સુચના પ્રમાણે તે દિવસે કેન્દ્રો ખુલ્લા હોય છે.

*** પરીક્ષાના દિવસે**

- સવારે નિયત રોજના સમયે ઊઠવું. ઉજાગરો ન કરવો.
- પરીક્ષા આપવા જતાં પહેલાં હળવો નાસ્તો કરવો. પેટ ભરીને જમવાનું ટાળો.
- સામગ્રી પેન / કંપાસના સાધનો, કેલ્ક્યુલેટર (ધો-૧૨ માટે જ), પ્રવેશ-પત્ર, ઘડિયાળ બધુ ચકાસી લેવું.
- ડિજિટલ ઘડિયાળ ટાળવી. બોર્ડની પરીક્ષામાં ડિજિટલ ઘડિયાળ માન્ય નથી.
- રોજિંદા લખવામાં વાપરતા હોય તેવી પેન / પેન્સિલ / સાધનો જ વાપરવાનો આગ્રહ રાખવો.
- પરીક્ષા કેન્દ્ર ઉપર ૨૦ મિનિટ પહેલા જ પહોંચી જવાય તેવું આયોજન કરવું.
- સ્કીનટાઇટ વસ્ત્રો ન પહેરવા. હળવા કમ્ફર્ટેબલ વસ્ત્રો પહેરવા. હળવા કમ્ફર્ટેબલ વસ્ત્રો પહેરીને જવાનો આગ્રહ રાખવો.
- પગમાં મોજાં ન પહેરવા, બને તો સ્લીપર / સેન્ડલ પહેરીને જવું.
- જરૂર પડે તો ટ્રાન્સપરન્ટ પાઉચ અને પેડ લઈ જઈ શકાય.
- કોઈની પાસેથી IMP કે Tips ટાળવી. પેપર આવી ગયું છે / ફૂટી ગયું છે, કોઈ લઈને આવે તો માની લેવું નહીં.
- પરીક્ષા પૂરી થયા પછી તે વિષયનું પ્રશ્ન-પત્ર ઘરે જઈને સોલ્વ કરવું નહીં. કેટલા માર્ક આવશે તેનું અવલોકન કરવું નહીં.

- કોઈ પણ પરીક્ષાલક્ષી મૂંઝવણ જણાય તો માધ્યમિક શિક્ષણ બોર્ડની ઓનલાઈન ટેલીફોનીક સેવા ઉપર ફોન કરીને માર્ગદર્શન મેળવવું. અથવા પોતાની શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરવો. બધા જ લોકો તમારી સહાય માટે તત્પર હોય છે. માટે પૂછવાથી ખચકાવું નહીં.

*** પરીક્ષા સમય દરમિયાન**

- શાળામાંથી મળેલ તાલીમ પ્રમાણે જવાબવહી ઉપર પરીક્ષા નંબર / તારીખ / વાર / વિષય કોડ વગેરે શાંતિથી લખવું. બોર્ડની પરીક્ષા દરમિયાન સફેદ સ્ટીકર અગત્યનું હોય છે. તેની ઉપર બારકોડ નંબર હોય છે. તે જવાબવહી ઉપર ચોંટાડવાની જવાબદારી વર્ગ ખંડ નિરીક્ષકની હોય છે. માટે જાતે ચોટાડવું નહીં. જવાબવહી ઉપર ખાખી સ્ટીકર ચોટાડવાની જવાબદારી વિદ્યાર્થીની પોતાની હોય છે. તે ફાટી જાય તો બીજું મળી શકે છે. તો ચિંતા કરવી નહીં. તેની ઉપર કોઈ પણ પ્રકારના નંબરો હોતા નથી.
- માત્ર પોતાનામાં જ ધ્યાન રાખવું / ગાઈડ બનવું નહીં.
- સુપરવાઈઝરની સૂચનાનું પાલન કરવું.
- જવાબપત્રનો નંબર પ્રવેશ-પત્રમાં વ્યવસ્થિત રીતે સુવાચ્ય અક્ષરે લખવા. બિલકુલ ગભરાવું નહીં.
- ચોરી કરવી નહીં / કરાવવી નહીં / કોઈક કરતું હોય તો ધ્યાન આપવું નહીં.
- સ્કવોર્ડ આવે તો પણ પોતાનું ધ્યાન હટાવવું નહીં.
- કોઈ અન્ય વિદ્યાર્થી ચોરી કરતા પકડાય તો પણ બેધ્યાન થવું નહીં.
- ત્રણ કલાક સમયનો શ્રેષ્ઠ ઉપયોગ ગણતરીપૂર્વક કરવો.
- બહુ જ સહેલું પેપર આવે તો વધારે ઉત્સાહમાં ન આવવું. અઘરૂં પેપર હોય તો ગભરાવું નહીં.
- શાળામાંથી મળેલી તાલીમ પ્રમાણે જ પેપર લખવું.
- ઘડિયાળ ઉપર એક નજર રાખવી અને સમયનું ધ્યાન રાખીને જ પેપર લખવું.
- ૦૧ પત્રકમાં ખંડ નિરીક્ષક સહી કરાવે ત્યારે જે ખાનામાં સહી કરે તે ખાનામાં તમારો બેઠક નંબર તથા બારકોડ સ્ટીકર ઉપર છાપેલો જવાબવહીનો નંબર છે કે કેમ તે ચેક કરીને સહી કરો.
- પ્રશ્ન-પત્રમાં સોલ્વ કરવા લીટા / નિશાની ન કરવી.
- કાળી / વાદળી પેન અને પેન્સિલ સિવાયના કલરો ન વાપરવા. સહીવાળી કે જેલ પેન લખાણ માટે વાપરવી નહીં.
- કોઈપણ પ્રકારની નિશાની ન કરવી. ઈષ્ટદેવ, કુળદેવીને હદયમાં રાખવા, કાગળ ઉપર ન મુકવા.
- પરીક્ષા દરમિયાન જ્યાં સહી કરવાની જરૂર પડે ત્યાં પ્રવેશ-પત્ર (રીસીપ્ટ)માં કરેલ સહી જેવી જ સહી કરવી.
- પોતાની સહી બદલવી નહીં.

# વિચારોનું રેગ્યુલેટર મેડિટેશન

**- વિજય દાણી**

114, પાંડુરંગ સોસાયટી, માલપુર રોડ, મોડાસા.

આધુનિક સમયમાં માત્ર બૌદ્ધિકતાને લીધે સ્પર્ધા તો આવી પણ સંબંધો અને સંવાદ ખોવાયા, સંઘર્ષો વધ્યા અને સમાધાન ખોવાયું છે, ત્યારે સ્ટ્રેસનું પ્રમાણ વધ્યું છે. શિક્ષક પણ તેમાંથી બાકાત નથી. **શિક્ષકનું કાર્ય માનસિક અને ભાવનાત્મક રીતે પડકારજનક હોય છે.** શિક્ષકે આમાંથી મુક્તિ મેળવવા માટે ધ્યાન કરવું આવશ્યક છે. **ધ્યાન શિક્ષકોને શમ (મનની શાંતિ) અને દમ (ઇન્દ્રિયો પર નિયંત્રણ) રાખવામાં મદદરૂપ થાય છે. બ્રેઇન હાર્ડવેર છે અને મન સૉફ્ટવેર છે.** નીચે શિક્ષકો માટે સરળ અને વ્યવહારુ ધ્યાન પદ્ધતિઓનું વર્ણન છે, જે આધુનિક જીવનશૈલીને અનુરૂપ છે.

**(1) માઇન્ડફુલનેસ ધ્યાન (Mindfulness Meditation) :**

• **શું છે ? :** આ પદ્ધતિમાં વર્તમાન ક્ષણમાં ધ્યાન કેન્દ્રિત કરવું અને વિચારોનું નિરીક્ષણ કરવું, પરંતુ તેમાં ફસાવું નહીં.

• **કેવી રીતે કરવું ?**

- શાંતજગ્યાએ બેસો, આંખો બંધ કરો.
- શ્વાસ પર ધ્યાન આપો - શ્વાસ લેવો અને છોડવાની પ્રક્રિયાને અનુભવો.
- જો મન ભટકે, તો નરમાશથી ધ્યાન શ્વાસ પર પાછું લાવો.
- દરરોજ 5-10 મિનિટથી શરૂઆત કરો અને 40 મિનિટ સુધી લઈ જાઓ.

• **ફાયદા :**

- વર્ગખંડમાં શાંત અને સ્થિર રહેવામાં મદદ મળે છે.
- વિદ્યાર્થીઓના પડકારજનક વર્તનને ધીરજથી હેન્ડલ કરવામાં સહાયક છે.

• **વ્યવહારુ ટીપ :** શાળામાં બ્રેક દરમિયાન અથવા દિવસની શરૂઆતમાં આ ધ્યાન કરો.

**(2) શ્વાસ આધારિત ધ્યાન (Anapana Meditation) :**

**મેડિટેશન (વિપશ્યના) એ વિચારોનું (મનનું) રેગ્યુલેટર છે.** જેવી રીતે રેગ્યુલેટર ફ્લો કંટ્રોલ કરી શકે તેમ વિપશ્યના મનને કંટ્રોલ કરી શકે.

• **શું છે ? :** આ વિપશ્યના ધ્યાનનો ભાગ છે, જેમાં શ્વાસના સ્વાભાવિક પ્રવાહ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

• **કેવી રીતે કરવું ?**

- આરામદાયક સ્થિતિમાં બેસો, કરોડનું હાડકું સીધું રાખો. ટટ્ટાર બેસો.
- નાકની ટોચ પર શ્વાસના આવવા-જવાની સંવેદના પર ધ્યાન આપો.
- 5-15 મિનિટ સુધી આ પ્રક્રિયા ચાલુ રાખો.

• **ફાયદા :**

- એકાગ્રતા અને મનની સ્પષ્ટતા વધે છે, જે શિક્ષકોને પાઠ આયોજન અને શિક્ષણ દરમિયાન ઉપયોગી થાય છે.
- શિક્ષકોની નિર્ણય લેવાની ક્ષણતામાં સુધારો થાય છે.

• **વ્યવહારુ ટીપ :** આ ધ્યાન સવારે શાળા જતાં પહેલાં અથવા રાત્રે સૂતાં પહેલાં કરી શકાય. વિદ્યાર્થીઓને પ્રાર્થનાસભામાં આનો મહાવરો કરાવી શકાય.

**(3) ગાઇડેડ મેડિટેશન (Guided Meditation) :**

• **શું છે ? :** ઑડિયો અથવા વિડિયોની મદદથી ધ્યાન કરવું, જેમાં માર્ગદર્શક સૂચનાઓ આપે છે.

• **કેવી રીતે કરવું ?**

- યુઝ્યુઅલ મેડિટશન ઍપ્સ (જેમ કે Headspace, Calm, Insight Timer, Idamin ઍપ) પર ગુજરાતી/અંગ્રેજી/હિન્દીમાં ગાઇડેડ મેડિટેશન શોધો.
- હેડફોન લગાવીને શાંત જગ્યાએ બેસો અને સૂચનાઓનું પાલન કરો.
- 10-20 મિનિટના સેશનથી શરૂઆત કરો.

• **ફાયદા :**

- શિક્ષકો માટે, જેઓ ધ્યાનમાં નવા છે, તેમના માટે આ પદ્ધતિ સરળ અને અસરકારક છે.
- ભાવનાત્મક સ્થિરતા અને આત્મવિશ્વાસ વધે છે, જે વિદ્યાર્થીઓ સાથે સંબંધ સુધારવામાં મદદ કરે છે.

• **વ્યવહારુ ટીપ :** શિક્ષકો દિવસના અંતે આ ધ્યાન કરીને કામનો તણાવ ઓછો કરી શકે છે.

**(4) યોગનિંદ્રા (Yogic Slip) :**

• **શું છે ? :** આ એક ઊંડી આરામની ટેકનિક છે, જેમાં શરીર અને મનને સંપૂર્ણ રીતે આરામ આપવામાં આવે છે.

• **કેવી રીતે કરવું ?**

- શવાસનમાં (પીઠ પર ચત્તા સૂઈને) આરામદાયક સ્થિતિમાં રહો.
- ગાઇડેડ યોગનિંદ્રા ઑડિયો સાંભળો, જેમાં શરીરના ભાગો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું અને શ્વાસની જાગૃતિ વધારવાનું કહેવામાં આવે છે.
- 15-30 મિનિટનું સેશન પૂરતું છે.

• **ફાયદા :**

- શિક્ષકોનો માનસિક અને શારીરિક થાક દૂર થાય છે.
- ઊંઘની ગુણવત્તા સુધરે છે, જે શિક્ષણ દરમિયાન ઊર્જા જાળવી રાખવામાં મદદ કરે.

• **વ્યવહારુ ટીપ :** શનિ-રવિ અથવા બપોરના બ્રેકમાં ટૂંકું યોગનિંદ્રા સેશન લઈ શકાય.

(5) **મંત્ર ધ્યાન (Mantra Meditation) :**

• **શું છે ? :** ચોક્કસ મંત્રનું પુનરાવર્તન કરીને મનને શાંત અને કેન્દ્રિત કરવું.

• **કેવી રીતે કરવું ?**

- સરળ મંત્ર જેમ કે “ઓમ”, “સોહમ્” કે “શાંતિ” પસંદ કરી અથવા અન્ય કોઈ મંત્ર.
- શાંત જગ્યાએ બેસીને, આંખો બંધ કરીને મંત્રનું મનમાં કે ધીમેથી પુનરાવર્તન કરો.
- 10-15 મિનિટ સુધી આ પ્રક્રિયા ચાલુ રાખો.

• **ફાયદા :**

- મનની અશાંતિ ઓછી થાય છે, જે શિક્ષકોને વર્ગખંડમાં ધીરજ અને સ્થિરતા જાળવવામાં મદદ કરે છે.
- આધ્યાત્મિક જોડાણ વધે છે, જે આસ્તિકતા (શ્રદ્ધા)ના ગુણને મજબૂત કરે.

(6) **વૉકિંગ મેડિટેશન (Walking Meditation) :**

• **શું છે ? :** ચાલતી વખતે ધ્યાન કેન્દ્રિત કરવું, જે શિક્ષકો માટે શારીરિક અને માનસિક આરામ આપે છે.

• **કેવી રીતે કરવું ?**

- શાંત જગ્યા (જેમ કે શાળાનું મેદાન/બગીચો) પસંદ કરો.
- ધીમે ધીમે ચાલો, પગના દરેક પગલાની સંવેદના (પગ જમીનને અડે છે તે) પર ધ્યાન આપો.

- શ્વાસ સાથે પગલાંને સંકલન કરો. (જેમ કે શ્વાસ લેતી વખતે બે પગલાં, શ્વાસ છોડતી વખતે બે પગલાં)

• **ફાયદા :**

- શારીરિક સ્વાસ્થ્ય સુધરે છે અને મન શાંત રહે છે.

- શાળામાં બ્રેક દરમિયાન આ પદ્ધતિ સરળતાથી અપનાવી શકાય.

• **વ્યવહારુ ટીપ :** શાળાના બગીચામાં લંચ બ્રેક દરમિયાન આ ધ્યાન કરી શકાય.

**શિક્ષકો માટે વધારાની ટીપ્સ** :

• **સમયનું આયોજન :** દરરોજ 5-10 મિનિટનો સમય ધ્યાન માટે નિશ્ચિત કરો. સવારે-રાત્રે શાંત સમય શ્રેષ્ઠ છે.

• **વિદ્યાર્થીઓ સાથે ધ્યાન :** શિક્ષકો વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે 2-3 મિનિટ ટૂંકું માઇન્ડફૂલનેસ સેશન શરૂ કરી શકે જે વર્ગનું વાતાવરણ શાંત બનાવે. પ્રાર્થનાસભામાં પણ આયોજન થઈ શકે.

• **ડિજિટલ સપોર્ટ :** ગુજરાતીમાં ધ્યાન માટે "Meditation in Gujarati" શોધીને YouTube પર ઑડિયો ઉપયોગ કરો. Idamin ઍપનો પણ ઉપયોગ કરી શકાય.

• **વર્કશોપ :** શિક્ષકો શાળામાં ધ્યાન અથવા યોગના વર્કશોપનું આયોજન કરી શકે, જે તેમની ટીમને પણ લાભ આપે. વિપશ્યના શિબિર પણ ઍટેન્ડ કરી શકાય.

**નિષ્કર્ષ** :

શિક્ષકો માટે (વિદ્યાર્થીઓ માટે પણ) ધ્યાન પદ્ધતિઓ મનની શાંતિ, એકાગ્રતા અને ભાવનાત્મક સ્થિરતા વધારવામાં મદદ કરે છે, જે તેમને વર્ગખંડમાં અસરકારક શિક્ષણ અને વિદ્યાર્થીઓ સાથે સકારાત્મક સંબંધ બનાવવામાં સહાયક બને છે. અને શિક્ષણનું સૂત્ર “Teaching in reaching”ને સાર્થક કરે છે. શિક્ષણના ધ્યેયો હાંસલ કરવામાં મદદરૂપ બને છે. આ પદ્ધતિઓ સરળ, સમય બચાવનારી અને ગીતાના શમ-દમ જેવા ગુણોને વિકસાવવામાં યોગદાન આપે છે. શિક્ષકોએ પોતાની જરૂરિયાત અને સમય અનુસાર યોગ્ય પદ્ધતિ પસંદ કરીને નિયમિત અભ્યાસ કરવો જોઈએ. માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે આ પદ્ધતિઓ ખૂબ જ ઉપયોગી થઈ શકે તેમ છે. વિદ્યાર્થીઓમાં પણ આનો અભ્યાસ કરાવી જીવન જીવવાની ચાવીઓ આપી શકાય અને દેશને મજબૂત સ્થિતિ તરફ લઈ જઈ શકાય.

**કુશળ કામગીરી બજાવી શકે એવા તારા મનરૂપી મશીનને ઠંડું પાડવા માટે થોડો સમય કેમ કાઢતો નથી ?** અત્યંત વ્યસ્ત દિનચર્યામાંથી થોડો સમય આત્મસુધાર અને વ્યક્તિગત સમૃદ્ધિ માટે કાઢીશ તો જ્યારે તું કામ પર પાછો ફરીશ ત્યારે તારી કામ કરવાની ક્ષમતા નાટ્યાત્મકરૂપે વધી ગઈ છે એવું તને અવશ્ય લાગશે.

# ગીતા – સફળ જીવનનો માર્ગ

– આચાર્યાશ્રી લીલાબેન એલ. ચૌધરી
નિર્માણ ગર્લ્સ હાઈસ્કૂલ, અમદાવાદ
(મો.) 9428541340

આજના સમયમાં વિદ્યાર્થીઓનો જીવનગાળો બદલાઈ ગયો છે. સ્ટ્રેસ, સ્પર્ધા, ટેકનોલોજી, લાલચ માનસિક દબાણ વધારે છે. આવી સ્થિતિમાં ભગવદ્ગીતા માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ જીવન જીવવાની કળા શીખવાડતો, મહાન માર્ગદર્શક ગ્રંથ છે.

અહીં ગીતાના પસંદગીના શ્લોકો સાથે વિદ્યાર્થીઓને આપવાનો જીવન-ઉપયોગી સંદેશ સરળ ભાષામાં રજૂ કર્યો છે. શાળામાં શિક્ષણ સાથે ગીતાનો સાર સમજાવવામાં આવે તો વિદ્યાર્થીઓનું જીવન સફળ, સંતુલિત અને મૂલ્યસભર બનાવી શકાય.

જેમ મોબાઇલ માટે યુઝર મેન્યુઅલ હોય, એમ માનવજીવન માટે ગીતા મેન્યુઅલ છે.

**કર્મયોગ – કર્તવ્ય પર ધ્યાન** :

**કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચના ।**
**મા કર્મફલહેતુર્ભૂર્માં તે સંગોઽસ્ત્વકર્મણિ ॥**

**વિદ્યાર્થી માટે સંદેશ :** અભ્યાસ પૂરેપૂરો મન લગાવી કરો. પરિણામની ચિંતા કર્યા વગર શ્રેષ્ઠ પ્રયત્ન કરો. પ્રયત્નનું સ્વાભાવિક પરિણામ સફળતા છે.

“માર્ક્સ નહીં, મહેનત મહત્ત્વની છે.”

**આત્મવિશ્વાસ અને આત્મજ્ઞાન** :

**નાયં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।**

**વિદ્યાર્થી માટે સંદેશ :** તમે પોતે દુર્બળ નથી. પરીક્ષાનો ભય મનમાં ન રાખશો. તમારી અંદર અપરિમિત શક્તિ છે.

“હું શક્તિશાળી છું. હું કરી શકીશ અને મારામાં અનંત ક્ષમતા છે. આ વિશ્વાસ રાખો.”

**મન પર નિયંત્રણ** :

**ઉદ્ધરેદાત્મનાડત્માનં નાત્માનમવસાદયેત્ ।**

**વિદ્યાર્થી માટે સંદેશ :** તમારો મિત્ર મન છે અને શત્રુ પણ મન છે. મન ચંચળ છે. જેનો મન પર કાબૂ છે તે સફળ બને છે. કોઈ પણ પરિસ્થિતિમાં મન ખાલી ન રાખતાં પોઝિટિવ થિંકિંગ સાથે આગળ વધો તો સકારાત્મક વિચાર જીવન બદલે છે.

"મારું મન - મારી તાકાત."

**અનુશાસન અને સંયમ** :

**યોગસ્થઃ કુરુ કર્માણિ સંગં ત્યક્ત્વા ધનંજય ।**

**વિદ્યાર્થી માટે સંદેશ :** સમયનું આયોજન કરો. અભ્યાસમાં નિયમિતતા રાખો. મોબાઇલ એડિક્શન, આળસ અને વ્યસનથી દૂર રહો. સંયમથી સફળતા મળે છે.

"નિયમિતતા એ જ સાચો યોગ."

**નિષ્ફળતા પ્રત્યે સમતા** :

**સુખદુઃખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ ॥**

**વિદ્યાર્થી માટે સંદેશ :** હારથી ડરો નહીં. હારથી શીખો. ગીતા હિંમત શીખવે છે. સફળતામાં અહંકાર ન કરો. બંને સ્થિતિમાં સંતુલિત રહો. આજના સમયમાં ગીતા એટલે સ્ટ્રેસ મેનેજમેન્ટ.

"હાર પણ શિક્ષક છે."

**સારા આચરણ અને જીવનમૂલ્યો** :

**યઃ શ્રદ્ધાવાન્લભતે જ્ઞાનં ।**

**વિદ્યાર્થી માટે સંદેશ :** માતા-પિતા અને ગુરુનું માન રાખો. સત્ય, ઇમાનદારી, સન્માન, દયાળુપણું, સહકાર જેવા ગુણો જીવનમાં અપનાવો. શ્રદ્ધા જ સફળતાનો આધાર છે.

"મૂલ્યો વિના શિક્ષણ અધૂરું છે."

**આત્મનિર્ભરતા અને પ્રયાસ** :

**આશા અપરિગ્રહઃ ।**

**વિદ્યાર્થી માટે સંદેશ :** પોતાના પગ પર ઊભા થવાનું શીખો. સમયનો સાચો ઉપયોગ કરતાં શીખો. તમને કોઈ બચાવવા નહીં આવે, તમારે પોતે જ પોતાનો વિકાસ કરવો પડશે. આત્મનિર્ભર બનશો તો વિશ્વસ જીતશો.

"મહેનત મારી ઓળખ છે."

ટૂંકમાં, ઉદાહરણ આધારિત એક લાઈનમાં ગીતાનું આજના વિદ્યાર્થીઓ માટે સાર :

| | |
|---|---|
| મહેનત કરો. | - કર્મયોગ |
| આત્મવિશ્વાસ રાખો. | - આત્મજ્ઞાન |
| સકારાત્મક રહો. | - ભક્તિ અને શ્રદ્ધા |
| શાંત રહો. | - સમત્વ |
| પોતાની સાથે પ્રગતિ કરો. | - ધ્યાન અને સ્થિરતા |
| જીવન શિક્ષણ | - ગીતા સંદેશ |

**ઉપસાર** :

ગીતા કહે છે કે શિક્ષણ માત્ર માહિતી નથી, પરિવર્તન છે.

**"ગીતા - વિદ્યાર્થી માટે જીવનનો પાઠ, અને શિક્ષક માટે માર્ગદર્શનનો દીવો છે."**

ગીતા પાઠ કરવાથી બાળકો તમે માત્ર શ્લોક નહીં શીખો પરંતુ સકારાત્મક વિચાર, શિસ્ત, આત્મવિશ્વાસ, અનુશાસન, ધ્યેય, ફ્રી લિવિંગ તેમજ જીવન જાવવાની કળા શીખશો. જે વિદ્યાર્થી ગીતા સમજે છે તે જીવનની દરેક પરીક્ષા પાસ કરે છે.

અંતમાં, મારા મતે

"કર્તવ્ય પાથરો, સફળતા આપમેળે આવશે."

# B.Ed. તાલીમ - સિદ્ધાંતનિષ્ઠાનો પદાર્થપાઠ

**પ્રેષક : પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી**
પૂર્વપ્રમુખ, ગુ.રા. આચાર્ય સંઘ
સંયોજક, 'સમન્વય' ગુજરાત
(મો.) 94263 62545

"Nobody can make a teacher, only a teacher can make a teacher and all other professionals."

પ્રાથમિક શાળાશિક્ષક થવા માટે ઉમેદવારોએ પ્રાથમિક શિક્ષક માટે પી.ટી.સી. (પ્રાયમરી ટિચર્સ સર્ટિફિકેટ) બે વર્ષનો કોર્સ કરવો પડતો અને માધ્યમિક શાળા શિક્ષક થવા માટે બેચરલ ઑફ એજ્યુકેશનનો એક વર્ષનો કોર્સ કરવો પડતો. હવે શિક્ષક તાલીમ પ્રથા ફેરફારવાળી થતી જાય છે. હવે TAT ફરજિયાત.

પ્રાથમિક શાળામાં શિક્ષકોને - બીનતાલીમી શિક્ષકોને જિલ્લા શિક્ષણ સમિતિ ચાલુ સેવાએ તાલીમ માટે મોકલતી. જુનિયર પીટીસી એક વર્ષ, સિનિયર પી.ટી.સી. બે વર્ષ. એમાંય જો ઉત્તમ ટકાવારી હોય તો શિષ્યવૃત્તિ એટલી મળતી કે તાલીમનો ખર્ચ નીકળી જાય !

માધ્યમિક શાળાઓમાં ખાસ વિષયના શિક્ષકો જેવા નિષ્ઠાવાળા શિક્ષકોને કેળવણી મંડળ બી.એડ્. ની તાલીમ માટે (1 વર્ષની તાલીમ માટે) ચાલુ પગારે, તાલીમ લેવાનો ઠરાવ કરી, તાલીમ માટે મોકલતી. બદલામાં ત્રણ વર્ષની સેવા, બી.એડ્. પછી એ જ શાળામાં નોકરી ચાલુ રાખવા બાંહેધરી આપવી પડતી. શિક્ષકો બાંહેધરી આપીને તીલમ માટે જતા. ચાલુ પગારે બી.એડ્.ની તાલીમ એ વફાદાર શિક્ષક, વિદ્યાર્થીપ્રિય શિક્ષક, સન્નિષ્ઠ શિક્ષક તરીકે મૂલવાતો. શિક્ષક તેને પસંદ પડે તે બી.એડ્. કૉલેજમાં પ્રવેશ મેળવતો. અને તાલીમ પછી તૂર્ત એ શાળામાં જોડાઈ જતો.

બી.એડ્.ની તાલીમી કૉલેજો પૈકી કો'ક કૉલેજ અન્ય કૉલેજ કેમ્પસમાં જોવા મળતી. સામાન્યતઃ માત્ર બી.એડ્. કૉલેજ અલગ કેમ્પસવાળી હતી. યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજ, કૉલેજ કેમ્પસમાં સ્થાનિક કક્ષાએ રહેતી.

સામાન્યતઃ તાલીમાર્થી પ્રતિષ્ઠિત બી.એડ્. કૉલેજમાં તાલીમ માટે જવાનું પસંદ કરતો. તાલીમી કૉલેજો પ્રિન્સિપાલના નામથી પ્રતિષ્ઠિત હતી. નિયત સમયે, લેશમાત્ર નિયત અવકાશ વિના, છૂટછાટ વિના

તાલીમ ચાલતી. તે ટાણે પ્રલોભનો કે ડોનેશન પ્રથમ નહોતી. આજે બી.એડ્. કૉલેજ ધંધાદારી પેઢી ક્યાંક બની છે. પ્રવેશ લઈ, નિયમિત શીખવા ન આવો અને માત્ર ટેસ્ટ કે પરીક્ષા આપવા આવો તો પણ ચાલે ! ઘેર બેઠાં બી.એડ્. તાલીમ પ્રમાણપત્ર મળે એવો ઘાટ થયો છે !

શિક્ષણ તાલીમ માટે પ્રતિષ્ઠિત કૉલેજો પૈકી પ્રતિષ્ઠા જાળવવા પ્રયત્ન કરનારી કૉલેજોમાં સંખ્યાનો સવાલ ઊભો થાય છતાં પણ જે સાચા અર્થમાં શિક્ષક બનવા માગે છે તે વધુ શ્રમ કરવો પડે એવી તાલીમી સંસ્થામાં જોડાય છે. હવે તો યુનિવર્સિટી ફાળવે તે સંખ્યા લેવી પડે ! ખાનગી યુનિવર્સિટીની બી.એડ્. કૉલેજ તાલીમાર્થી શોધવા સ્ટાફને આદિવાસી વિસ્તારોમાં મોકલતા હોવાનું સાંભળ્યું છે !

1987 પહેલાં ગુજરાતમાં 3 યુનિવર્સિટી હતી – ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગર અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા. મને ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદની પ્રખ્યાત કૉલેજ એ.જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ અને આર.જી. ટીચર્સ કૉલેજ, પોરબંદરે પ્રવેશ માટે તક આપેલી. પરંતુ એ સમયે મ.સ. યુનિવર્સિટી, બરોડાની ઊંચી પ્રતિષ્ઠાને લઈ, પ્રવેશ માટે રૂબરૂ ગયો. S.T.C. સેકંડરી ટીચર્સ સર્ટિફિકેટ રાજ્ય સરકારની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ હોઈ અગ્રક્રમે ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, વડોદરામાં બી.એડ્.માં પ્રવેશ એ જ દિને મળ્યો. મેથડ પસંદગી માટે ટેસ્ટ પ્રથા હતી. મને મારી પસંદગીના વિષયો મેથડ મળ્યા. વળી S.T.C. હોવાને લઈ સિનિયર ટ્રેઇનર તરીકે અગ્રતા મળતી. ફેકલ્ટી સેક્રેટરી પદે સર્વાનુમતે વરણી થઈ. ગામડામાં જન્મેલા, ગામડામાં 3 વર્ષ માધ્યમિક શિક્ષક તરીકે નોકરી કરેલા. ગ્રામ્ય વિસ્તારના કેળવણી મંડળ દ્વારા ચાલુ પગારે બી.એડ્.ની તાલીમ માટે ડેપ્યુટ કરેલા શિક્ષક માટે બરોડા નવી જગા હતી. હૉસ્ટેલમાં પણ પ્રવેશ મળ્યો.

એજ્યુકેશન ફેકલ્ટીમાં, બી.એડ્.માં તાલીમાર્થી તરીકે બંગાળમાંથી, ઓરિસ્સાથી, કેરાલાથી, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશથી તથા ઉત્તરપ્રદેશ અને ગુજરાતના તાલીમાર્થીઓ હતા. હોસ્ટેલમાં પણ કોસ્મોપોલિટન ગ્રુપ વિવિધ પ્રદેશી તાલીમાર્થીઓ હતા. રાષ્ટ્રીય ઐક્યનાં દર્શન થતાં.

મારો રૂમ પાર્ટનર કેરાલાનો ત્રિવેન્દ્રમનો વતની ટી.એમ. વર્ગીસ (થટ્ટમ્પરામીજ મ. વર્ગીસ) હતો. જે જામનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનો ટીચર હતો. મારી મેથડ જ્યોગ્રાફીમાં બંગાળની મિસ શાન્તિ મસંદ હતી. નંદુ આપ્ટે, અબ્દુલ કરીમ શેખ વગેરે તાલીમાર્થીઓ હળીમળીને રહેતા.

પ્રિન્સિપાલ શ્યામપ્રસાદ ન. મુકરજી (પશ્ચિમબંગાળ)ના હતા. પ્રાધ્યાપક ડૉ. ગુણવંત શાહ, ટી.પી.

લેલે, વી. સુબ્રહ્મણ્યમ્, એચ.જી. દેસાઈ, દોલતભાઈ દેસાઈ, એ.બી. પટેલ, મોહન પંચાલ વગેરે હતા. ફેકલ્ટીમાં શિસ્ત, સમયપાલન, ઉચ્ચ કક્ષાની તાલીમ, મૂલ્યલક્ષી પ્રયોગોનું પ્રાધાન્ય હતું.

હૉસ્ટેલમાં યોજાયેલા ફેકલ્ટી ડેની ભોજન વ્યવસ્થામાં રેક્ટર (ગૃહપતિ)એ વહેંચેલા પાસ કરતાં વધુ રકમ માગતાં, મેં સેક્રેટરી તરીકે રકમ ન ચૂકવી. રેક્ટર અમારા પ્રોફેસર હતા. મને મારી ચાહનાવાળા પ્રાધ્યાપકોએ તેમની સામે ન પડવાની સલાહ આપી. શુદ્ધિના આગ્રહી એવા મેં રકમ ન ચૂકવી. પ્રિન્સિપાલે તે પ્રાધ્યાપકને થતી રકમ સ્વીકારવા હુકમ કર્યો. તેણે સ્વીકારી તો ખરી. મને એનો ખોફ મારા બી.એડ્.ના પરિણામમાં નડ્યો ! ડિસ્ટિંક્શનનો તાલીમાર્થી ફર્સ્ટ ક્લાસ સુધી અટકી ગયો. સારું થયું ફેઇલ ન કર્યો !

ભ્રષ્ટાચાર પ્રતિકારનો પ્રથમ પાઠ હું ત્યાં શીખ્યો. શિક્ષણવિદ્ ડૉ. ગુણવંત શાહ મારા પ્રોફેસર નહોતા. પરંતુ બી.એડ્.ની તાલીમમાં ઑફ કેમ્પસના ઇન્ચાર્જ હતા. હું ટીમ મેનેજર હતો. અમે ચાણોદ હાઈસ્કૂલમાં બે સપ્તાહ માટે ગયેલા. મારી, તાલીમાર્થીઓ પાસેથી કામ લેવાની રસમ, પાઠની ચકાસણી, વર્ગખંડ બહાર નદીના કોતરોમાં બાળકોને લઈ જઈ પ્રત્યક્ષ નદીની અવસ્થાઓ શીખવવાની પદ્ધતિ તથા ટીમ મેનેજમેન્ટથી ખુશ થયેલા ડૉ. ગુણવંતભાઈએ 1963-64થી મને કાયમી શિષ્ય તરીકે સ્વીકાર્યો. મેં ગુરૂ તરીકે સ્વીકાર્યા. મને સાવલી બી.એડ્. કૉલેજોમાં લેક્ચરર તરીકે જોડાવા તેમણે ઑફર મૂકી. પરંતુ ચાલુ પગારે ડેપ્યુટ થયો હોઈ, ત્રણ વર્ષનું બાઇન્ડિંગના આપેલ હોઈ, મારા પત્ની પણ એ ગામની પ્રાથમિક શાળામાં શિક્ષિકા હોઈ, સાવલી બી.એડ્. કૉલેજ જતી કરી. ડૉ. ગુણવંતભાઈ શાહે યોજેલી વિચાર શિબિરો, પંચશીલ યાત્રા, માતૃભાષા આંદોલન, ઇન્ટરનેશનલ એસોસિએશન ફોર વર્લ્ડ પીસ, વર્લ્ડ કાઉન્સિલ ફોર કરિક્યુલમના સભ્યપદે સક્રિય કામગીરીની તકો મળી. હું વાંચતો, વિચારતો, ચિંતન, મનન, લેખન, પ્રવચન કરતો થયો. તાલીમ મારે માટે સિદ્ધાંતનિષ્ઠાની ભેટ બની. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શિબિરમાં જવાની તક પામ્યો.

શિક્ષક સ્વાશ્રયી, સ્વાભિમાની અને સન્નિષ્ઠ હોય તો તેને મળનારી પ્રત્યેક તક તેના ઘડતર માટે મૂલ્યવાન બને છે.

Train yourself to train others.

Aum Imagineering Pvt. Ltd.

**ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર**

## School Automation System

- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીના જી.આર. વિગતો અને વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- વિદ્યાર્થીની શાળા, ટ્રાન્સપોર્ટ, હોસ્ટેલ ફી ની તમામ વિગતો અને ફી ના તમામ પત્રકો
- વિવિધ પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- કર્મચારીઓની અને પગારની તમામ વિગતો અને પત્રકો
- SMS હાજરી, ફી, જન્મદિવસ, પરિણામ ને લગતા મેસેજ અને કસ્ટમ મેસેજ

**અમારા અન્ય સોફ્ટવેર**

- OMR Solution (OMR Sheet Scanner)
- સ્કૂલ એકાઉન્ટિંગ સિસ્ટમ
- લાઈબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ

**Tally Accounting Software Certified Partner**

TALLY CERTIFIED PARTNER 3 Star Sales & Implementation | Tally POWER OF SIMPLICITY



**My School (મોબાઇલ એપ)**

- એક સરળ અને સુરક્ષિત સ્કૂલ–પેરન્ટ કનેક્ટ એપ છે, જે દ્વારા પેરન્ટ્સને તેમના બાળકની હાજરી, હોમવર્ક, પરીક્ષા સમયપત્રક, સર્ક્યુલર, નોટિસ, સ્કૂલ ઇવેન્ટ્સ અને અન્ય તમામ મહત્વની માહિતી એક જ પ્લેટફોર્મ પર તરત નોટિફિકેશન સાથે મળી રહે છે; સાથે-સાથે શિક્ષકો દ્વારા શેર કરાયેલ સ્ટડી મટિરિયલ (દસ્તાવેજો, ફોટો, વિડિયો અને વેબ લિંક્સ) પણ જોઈ શકાય છે, જેના કારણે પેરન્ટ-ટીચર કોમ્યુનિકેશન, વિદ્યાર્થીની પ્રોગ્રેસ ટ્રેકિંગ અને સ્કૂલનું એડમિનિસ્ટ્રેશન કામ વધુ સુવ્યવસ્થિત અને સમય બચાવનાર બને છે.

**ટાઈમ અટેન્ડન્સ સિસ્ટમ**

- બાયોમેટ્રિક "ફેસ–ફિંગરપ્રિન્ટ–કાર્ડ–પિન" આધારિત હાજરી અને એક્સેસ કંટ્રોલ મશીન, જેના ઉપયોગથી શાળા–કોલેજ, ઓફિસ, ફેક્ટરી જેવી સંસ્થાઓમાં કર્મચારીઓના આવવા-જવાના સમયની ચોક્કસ નોંધ રાખી શકાય છે અને સાથેમાં ૪૦ જેટલા વિવિધ વિગતવાર રિપોર્ટ પણ સરળતાથી મેળવી શકાય છે.





**Website Designing**

- શાળા-કોલેજ, વ્યવસાયિક વેબસાઇટ ડેવલપમેન્ટ દ્વારા આપના ઑનલાઇન ઇમેજને મજબૂત બનાવી વધુ ગ્રાહકો સુધી અસરકારક રીતે પહોંચાડવામાં મદદરૂપ થશે.
- મોબાઇલ-ફ્રેન્ડલી અને ઝડપી લોડ થતી ડિઝાઇન સાથે, અદ્યતન સુરક્ષિત ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તમારી જરૂરિયાતોને અનુરૂપ સંપૂર્ણ રીતે કસ્ટમાઇઝ્ડ વેબસાઇટ

**"અમારા પ્રિય જૂના ગ્રાહકો માટે ખાસ ભેટ**
**હવે ઓફલાઇન સ્કૂલ સોફ્ટવેર પરથી ક્લાઉડ સ્કૂલ મેનેજમેન્ટ પર અપગ્રેડ કરો**
**અને મેળવો સ્પેશિયલ ડિસ્કાઉન્ટ સાથે વધુ ઝડપ, સુરક્ષા અને સુવિધા!"**
**તો આ ઓફરનો લાભ મેળવવા આજે જ અમારો સંપર્ક કરો**

SPECIAL OFFER

**આભાર**

**Aum Imagineering Pvt. Ltd.**

602-603A, Shapath - 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad

Ph : +91 79 40054004, +91 79 35336235 Mobile : 76000 01219, 76000 02403, 98258 47773

www.aumimagineering.com E-mail : info@auminfosys.com

# ૫૪મું શૈક્ષણિક અધિવેશનની તસ્વીરી ઝલક...















# ૫૪મું શૈક્ષણિક અધિવેશનની તસ્વીરી ઝલક...











રવાના :

**શ્રી અમિત આર. પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧
મો. ૯૯૭૪૫૨૫૨૩૨

બુક-પોસ્ટ

પ્રતિ, શ્રી, ______________________

______________________

______________________

માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
તંત્રી, મુદ્રક, ભાનુપ્રસાદ એ. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.